Friday
30.01.2026
✳Volume :10 ✳ Issue No.202
✳Email.: kamalamgujarat@gmail.com
✳www.kamalamgujarat.com
✳Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત વંદે માતરમ્ RNI No.:GUJGUJ/2016/73451

કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક KAMALAM Daily

✳Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 ✳Page :04✳Rs. 00.25/- ✳Annual Rs. 90/-

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીમાં વાર્ષિક NCC PM રેલીને સંબોધિત કરી

NCC PM રેલી મહિનાભર ચાલેલા NCC પ્રજાસત્તાક દિવસ કેમ્પ ૨૦૨૬ ના ભવ્ય સમાપનને ચિહ્નિત કરશે, જેમાં ૮૯૮ કન્યા કેડેટ્સ સહિત દેશભરમાંથી 2,406 NCC કેડેટ્સની સહભાગિતા જોવા મળી હતી. રેલીમાં ૨૧ વિદેશી દેશોના ૨૦૭ યુવાનો અને અધિકારીઓની સહભાગિતા પણ જોવા મળશે.

આજે, લડાઈઓ બહુવિધ મોરચે લડવામાં આવે છે, તે કોડ (code) અને ક્લાઉડ (cloud)માં પણ લડવામાં આવે છે, જે દેશો ટેકનોલોજીમાં પાછળ રહી જાય છે તેઓ માત્ર આર્થિક રીતે જ નહીં, પરંતુ સુરક્ષાની દ્રષ્ટિએ પણ નબળા પડે છેઃ PM

NCC એ એક ચળવળ છે જે ભારતની યુવા શક્તિને સશક્ત બનાવે છેઃ PM

યુરોપિયન યુનિયન સાથે અંતિમ સ્વરૂપે આપવામાં આવેલો કરાર વૈશ્વિક ધ્યાન આકર્ષિત કરી રહ્યો છે, જેમાં ઘણા લોકો તેને 'મધર ઓફ ઓલ ડીલ્સ' અને વિશ્વ માટે ગેમ-ચેન્જર ગણાવી રહ્યા છેઃ PM

નાગરિકો તરીકે આપણે કેવી રીતે વર્તીએ છીએ તે પણ વિકસિત ભારતનું એક મહત્વપૂર્ણ પાસું છે, નાગરિકો તરીકે, આપણે આપણી ફરજોને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએઃ PM

કમલમ્,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ દિલ્હીના કરિઅપ્પા પરેડ ગ્રાઉન્ડ ખાતે વાર્ષિક NCC PM રેલીને સંબોધિત કરી હતી. ઐતિહાસિક દિવસ નિમિત્તે સામૂહિક અભિવાદન કરતા પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે NCC, NSS કેડેટ્સ, ઝેલ્લો ક્લાસ્ક્રો, રાષ્ટ્રીય રંગશાળાના સાથીદારો અને દેશભરના યુવા સહભાગીઓના પ્રયાસો તેમના સમન્વિત પ્રદર્શનમાં સ્પષ્ટપણે દેખાઈ રહ્યા હતા. શ્રી મોદીએ દુઃખ સાથે નોંધ્યું હતું કે આજનો દિવસ આજે સવારે મહારાષ્ટ્રમાં થયેલા દુખદ વિમાન દુર્ઘટનાને કારણે ભારે આઘાત પણ લાવ્યો છે, જેમાં નાયબ મુખ્યમંત્રી શ્રી અજીત પવાર જી અને ઘણા સાથી ઘરોએ જીવ ગુમાવ્યા છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે અજીત દાદાએ મહારાષ્ટ્ર અને રાષ્ટ્રના વિકાસમાં, ખાસ કરીને ગ્રામીણ જીવનને સુધારવા માટે ક્રમ કરીને નોંધપાત્ર યોગદાન આપ્યું હતું, અને શ્રી અજીત પવાર જીના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે પીડાની આ ક્ષણમાં રાષ્ટ્ર અકસ્માતમાં જીવ ગુમાવનારાઓના પરિવારોની સાથે છે. પ્રધાનમંત્રીએ, દુઃખ અને સંવેદનાની આ ક્ષણો વચ્ચે, મિત્ર રાષ્ટ્રોના કેડેટ્સ સહિત ઉપસ્થિત તમામ કેડેટ્સને શુભેચ્છા પાઠવી હતી અને આ વર્ષે કન્યા કેડેટ્સની મોટી સંખ્યામાં સહભાગિતાને સ્વીકારી હતી. "NCC એ એક એવી ચળવળ છે જે ભારતના યુવાનોને આત્મવિશ્વાસ પૂર્ણ, શિસ્તબદ્ધ, સંવેદનશીલ અને રાષ્ટ્ર પ્રત્યે સમર્પિત નાગરિકો બનાવે છે", શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે દર વર્ષે કેડેટ્સ તેમની ભૂમિકાને વધુ મજબૂત બનાવી રહ્યા છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે NCC કેડેટ્સની સંખ્યા તાજેતરના વર્ષોમાં ૧૪ લાખથી વધીને ૨૦ લાખ થઈ છે, જેમાં સરહદી અને દરિયાકાંઠાના વિસ્તારોમાં નોંધપાત્ર વધારો થયો છે. પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું હતું કે NCC એ એક અનુપ્લેટફોર્મ છે જ્યાં યુવાનો ગર્વ સાથે તેમના વારસાને જીવે છે, અને દેશભરમાં ખૂબ જ ઉત્સાહ સાથે વંદે માતરમના ૧૫૦ વર્ષની ઉજવણીનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે પરમવીર સાગર યાત્રાને એક ઉત્કૃષ્ટ ઉદાહરણ તરીકે ટાંકીને યાદ કર્યું હતું કે થોડા વર્ષો પહેલા સરકાર આંદામાન અને નિકોબારના ૨૧ ટાપુઓનું નામ પરમવીરચક્ર વિજેતાઓના નામ પર રાખ્યું હતું, અને કેડેટ્સે તેમની નૌકાયાન મુસાફરી દ્વારા રાષ્ટ્રીય નાયકોને સન્માનિત કરવાની આ ભાવનાને આગળ વધાવી હતી. શ્રી મોદીએ એ પણ હાઈલાઈટ કર્યું હતું કે લક્ષદ્વીપમાં, ટાપુ ઉત્સવ દ્વારા, કેડેટ્સે સમુદ્ર, સંસ્કૃતિ અને પ્રકૃતિની સાથે મળીને ઉજવણી કરી હતી. શ્રી મોદીએ નોંધ્યું હતું કે NCC એ સ્મારકોથી લઈને શેરીઓ સુધી ઈતિહાસને જીવંત બનાવ્યો છે, અને તેની સાયકલ રેલી દ્વારા બાજીરાવ પેશ્વાની વીરતા, મહાન યોદ્ધા લચિત બોરફુકનની કુશળતા અને ભગવાન બિરસા મુંડાના નેતૃત્વ પર પ્રકાશ પાડ્યો છે, જેણે જનજાગૃતિ ઊભી કરી છે. તેમણે તમામ કેડેટ્સના પ્રયાસોની પ્રશંસા કરી અને જેમને આજે સન્માન મળ્યું છે તેમને શુભેચ્છાઓ પાઠવી હતી. લાલ કિલ્લા પરથી આપેલા તેમના શબ્દોને યાદ કરતા કે 'આ યોગ્ય સમય છે, શ્રેષ્ઠ સમય છે', પ્રધાનમંત્રીએ ભાર મુક્યો હતો કે આજનો યુગ ભારતના યુવાનો માટે મહત્તમ તકોનો યુગ છે. તેમણે નોંધ્યું હતું કે સરકાર એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે યુવાનોને આ સમયગાળાનો સૌથી વધુ લાભ મળે, અને ઉદાહરણ તરીકે ભારત અને યુરોપિયન યુનિયન વચ્ચે થયેલા ઐતિહાસિક મુક્ત વ્યાપાર કરારનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે આ પહેલા ભારતે આ માન, ન્યૂઝીલેન્ડ, બ્રિટન, UAE, ઓસ્ટ્રેલિયા અને મોરેશિયસ સાથે મુક્ત વ્યાપાર કરારો કર્યા હતા, જે લાખો યુવાનો માટે અગણિત તકો ઉભી કરી રહ્યા છે. આખું વિશ્વ ભારતના યુવાનો તરફ ભારે વિશ્વાસ સાથે જુએ છે તે વાત પર ભાર મૂકતા શ્રી મોદીએ કહ્યું હતું કે આ વિશ્વાસનું કારણ તેમની ક્ષમતા અને મૂલ્યોમાં રહેલું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય યુવાનો લોકશાહીના મૂલ્યો, વિવિધતા પ્રત્યે આદર અને વિશ્વને એક પરિવાર માનવાની માન્યતા પરાવે છે, જે તેમને તેઓ જ્યાં પણ જાય ત્યાં લોકો સાથે સરળતાથી ભળી જવાની અને તે રાષ્ટ્રો ના વિકાસમાં યોગદાન આપવાની ક્ષમતા આપે છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે આ મૂલ્યો ભારતની સંસ્કૃતિ અને પ્રકૃતિ છે. વૈશ્વિક નેતાઓ સાથેની તેમની વાતચીતના આધારે શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતીય યુવાનો માત્ર મહેનતુ જ નથી પરંતુ ઉત્કૃષ્ટ વ્યાવસાયિકો પણ છે, જેના કારણે વિશ્વભરમાં તેમની ભારે માંગ છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે આખા દેશોમાં લાખો ભારતીયો વર્ષોથી કામ કરી રહ્યા છે, અને ભારતીય ડોક્ટરો અને એન્જિનિયરો ઘણા દેશોમાં ઉત્કૃષ્ટ આરોગ્યસંભાળ પ્રણાલી અને માળખા ગત સુવિધાઓનું નિર્માણ કરી રહ્યા છે. તેમણે એ પણ યાદ કર્યું હતું કે ભારતમાંથી અગાઉના સમયમાં વિદેશ ગયેલા શિક્ષકોએ વિશ્વભરના સમાજોમાં નવા મૂલ્યો ઉમેર્યા હતા. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે વિશ્વ માં ભારતીય યુવાનોના યોગદાનની સાથે દેશની અંદર તેમની સિદ્ધિઓની પણ વૈશ્વિક ક્ષેત્રે વ્યાપક પ્રશંસા થઈ રહી છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે આ યુવાનોને કારણે, જ ભારત વિશ્વભરમાં ઈન્ફર્મેશન ટેકનોલોજીની કરોડરજ્જુ બની ગયું છે, અને હવે તેમની શક્તિ સ્ટાર્ટઅપ્સ, સ્પેસ, ડિજિટલ ટેક્નોલોજી અને દરેક ક્ષેત્રમાં ક્રાંતિ લાવી રહી છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે યુરોપિયન યુનિયન સાથે તાજેતરમાં થયેલા મુક્ત વ્યાપાર કરારની "મધર ઓફ ઓલ ડીલ્સ" તરીકે પ્રશંસા કરવામાં આવી રહી છે અને તેને ગ્લોબલ ગેમચેન્જર તરીકે વર્ણવવામાં આવી રહ્યો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આ FTA વિશ્વના જીડીપીનો ચોથા ભાગનું અને વૈશ્વિક વ્યાપારના ત્રીજા ભાગનું પ્રતિનિધિત્વ કરે છે, અને તે ભારતના યુવાનો માટે ખરેખર "ફીડમ ટુ એસ્પાયર" (આકાંક્ષા કરવાની સ્વતંત્રતા) છે. પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું હતું કે ૨૭ દેશો સાથેનો આ કરાર ફ્રિંગ અનેઈનોવેશન ઈકોસિસ્ટમ સુધીની પહોંચ સરળ બનાવીને ભારતીય સ્ટાર્ટઅપ્સને ફાયદો કરાવશે, જ્યારે ફિલ્મ, ગેમિંગ, ફેશન, ડિજિટલ કન્ટેન્ટ, મ્યુઝિક અને ડિઝાઈનમાં ભારતની ક્રિએટિવ ઈકોનોમીને પણ વેગ આપશે. તેમણે જણાવ્યું હતું કે આ કરાર સંશોધન, શિક્ષણ, IT અને વ્યાવસાયિક સેવાઓમાં ભારતીય યુવાનો માટે નવા માર્ગો ખુલી રહ્યા છે.

શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે સરકાર વ્યાપક સુધારા દ્વારા વૈશ્વિક તકોનું વિસ્તરણ કરી રહી છે, અને દેશ આજે જે રિફોર્મ એક્સપ્રેસ પર સવાર છે તે યુવાનોની સામેની દરેક અવરોધને દૂર કરી રહી છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે દેશ સમક્ષ વધતી જતી તકો, NCC કેડેટ્સમાં કેળવાયેલી શિસ્ત અને મૂલ્યો સાથે મળીને તેમના માટે વધારાના ફાયદા સમાન છે. ઓપરેશન સિંદૂર પરના પ્રભાવશાળી ટેબ્લોની પ્રશંસા કરતા શ્રી મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા માટેની તે નિર્ણાયક ક્ષણ દરમિયાન NCC કેડેટ્સના પ્રયાસોની ખાસ પ્રશંસા કરી હતી. તેમણે સશસ્ત્ર દળોને ટેકો આપવા, રક્તદાન શિબિરોનું આયોજન કરવા અને પ્રાથમિક સારવાર સેવાઓ પુરી પાડવામાં તેમના યોગદાનની નોંધ લીધી હતી. PM એ જણાવ્યું હતું કે NCC તાલીમ માત્ર પરેડ ગ્રાઉન્ડ પૂરતી મર્યાદિત નથી પરંતુ તે "નેશન ફર્સ્ટ" (રાષ્ટ્ર પ્રથમ) ની ભાવના પણ કેળવે છે, જે કેડેટ્સને મુશ્કેલ સમયમાં દેશ માટે સંપૂર્ણ શક્તિ સાથે ક્રમ કરવા પ્રેરિત કરે છે. તેમણે યાદ કર્યું હતું કે "નેશન ફર્સ્ટ" ની તેમની પોતાની ભાવના NCC માં તેમના સમય દરમિયાન મજબૂત થઈ હતી, અને આજે કેડેટ્સ દ્વારા તે જ મૂલ્યો શીખતા જોઈને તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો. ઓપરેશન સિંદૂરે ભારતની તાકાત અને તેના સશસ્ત્ર દળોની વીરતાની પુષ્ટિ કરી હોવાનું ભારપૂર્વક જણાવતા શ્રી મોદીએ કહ્યું હતું કે તેણે સ્વદેશી હથિયારોની પ્રગતિ પણ દર્શાવી છે. તેમણે ભાર મૂક્યો હતો કે આધુનિક યુદ્ધમાં, યુવાનોના કૌશલ્યની ભૂમિકા નોંધપાત્ર રીતે વધી છે, કારણ કે હવે લડાઈઓ માત્ર ટેક્ક અને બંદૂકોથી જ નહીં પરંતુ કોડ અને ક્લાઉડમાં પણ લડવામાં આવે છે. તેમણે ચેતવણી આપી હતી કે ટેકનોલોજીમાં પાછળ રહેલા રાષ્ટ્રો માત્ર અર્થતંત્રમાં જ નહીં પરંતુ સુરક્ષામાં પણ નબળા છે, અને ભાર મૂક્યો હતો કે યુવાનો દ્વારા ક્રવામાં આવતી નવીનતા દેશભક્તિને મજબૂત બનાવે છે અને રાષ્ટ્રીય સુરક્ષામાં ફાળો આપે છે. તેમણે નોંધ્યું હતું કે સશસ્ત્ર દળોમાં ટેકસેવી, નવીન યુવાનો માટે નવી તકો ખુલી રહી છે, જેમાં સંરક્ષણ સ્ટાર્ટઅપ્સ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી રહ્યા છે, 'મેડ ઈન ઈન્ડિયા' ડ્રોન વિક્સાવવામાં આવી રહ્યા છે, અને AI તથા સંરક્ષણ નવીનતા દળોને આધુનિક બનાવી રહી છે, અને યુવાનોની આ શક્યતાઓનો પૂરો લાભ લેવા વિનંતી કરી હતી. પ્રધાનમંત્રીએ ૨૫ જાન્યુઆરીએ રાષ્ટ્રીય મતદાતા દિવસની ઉજવણી કરી હતી, અને તેમણે આ પ્રસંગે નાગરિકોને પત્ર લખ્યો હતો. તેમણે ક્રાંધ્યું હતું કે રાષ્ટ્રીય મતદાતા દિવસ એ બંધારણ દ્વારા આપવામાં આવેલી જવાબદારી અને અધિકારોની ઉજવણી છે, અને હાઈલાઈટ કર્યું હતું કે ભારતમાં વિશ્વમાં સૌથી વધુ યુવા મતદારો છે. તેમણે ટિપ્પણી કરી હતી કે જ્યારે યુવા નાગરિકો ૧૮ વર્ષના થાય છે અને મતદાન કરવા માટે લાયક બને છે ત્યારે તેઓ રાષ્ટ્રનું ભાગ્ય ઘડવાની શક્તિ મેળવે છે. શ્રી મોદીએ દેશમાં એક નવી પરંપરા માટે આહવાન કર્યું હતું, જેમાં પ્રસ્તાવ મૂક્યો હતો કે NCC, NSS અને માય યંગ ઈન્ડિયા (My Young India) સંગઠન દર ૨૫ જાન્યુઆરીએ પ્રથમ વખત મતદાન કરનારાઓને સન્માનિત કરવા માટે એક ભવ્ય કાર્યક્રમ યોજે, અને વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આ પ્રયાસ યુવાનોમાં જવાબદારીની ભાવનાને મજબૂત કરશે અને લોકશાહીને વધુ મજબૂત બનાવશે. "વિકસિત ભારત માત્ર આર્થિક સમૃદ્ધિ પૂરતું મર્યાદિત નથી પરંતુ તેનો નાગરિકોના આચરણ પર પણ નિર્ભર કરે છે, જેમણે પોતાની ફરજોને પ્રાથમિકતા આપવી જોઈએ", શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું. તેમણે સ્વચ્છ ભારત અભિયાનને એક ઉદાહરણ તરીકે ટાંકીને નોંધ્યું હતું કે જોકે તેની શરૂઆત સરકાર દ્વારા કરવામાં આવી હતી, પરંતુ તેને નાગરિકો, યુવાનો અને બાળકો દ્વારા આગળ ધપાવવામાં આવ્યું હતું અને ભાર મૂક્યો હતો કે સ્વચ્છતા એક આદત, જીવનશૈલી અને મૂલ્ય છે. શ્રી મોદીએ આગ્રહ કર્યો હતો કે નાગરિક ફરજની ભાવના દૈનિક જીવનનો ભાગ બનવી જોઈએ, અને જે રીતે લોકો પોતાના આંગણામાં સુંદરતા ઈચ્છે છે, તે જ ભાવનાથી તેમણે પોતાના શહેરોને સુંદર બનાવવા જોઈએ. તેમણે ઉપસ્થિત દરેક યુવાનને અપીલ કરી હતી કે તેઓ દર અઠવાડિયે ઓછામાં ઓછો એક કલાક સ્વચ્છતા સંબંધિત અભિયાન માટે ફાળવે અને પસંદ કરેલી જગ્યાએ કોઈ પ્રવૃત્તિનું આયોજન કરે. પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે તેમને જાણીને આનંદ થયો કે "એક પેડ મા કે નામ" અભિયાન હેઠળ, NCC એ લગભગ ૮ લાખ વૃક્ષો વાવ્યા છે, અને ભારપૂર્વક જણાવ્યું હતું કે આ વૃક્ષો સારી રીતે ઉછરે તેની ખાતરી કરવી એ પણ આપણી ફરજ છે. યુવા શક્તિની સૌથી મોટી કસોટી એ છે કે આવનારા સમયમાં આપણે કેટલા ફિટ હોઈશું તે વાત પર પ્રકાશ પાડતા PM એ નોંધ્યું હતું કે ફિટનેસ માત્ર થોડી મિનિટોની કસરત પૂરતી મર્યાદિત ન હોવી જોઈએ પરંતુ તે આપણી પ્રકૃતિનો ભાગ બનવી જોઈએ, જેમાં આહારથી લઈને દૈનિક દિનચર્યા સુધી શિસ્તબદ્ધ જીવનશૈલી હોવી જોઈએ. શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી કે NCC કેડેટ્સ ફિટ ઈન્ડિયા અભિયાનને આ ગળ ધપાવી રહ્યા છે અને રમતગમતમાં સારું પ્રદર્શન કરી રહ્યા છે. પ્રધાનમંત્રીએ યુવાનોમાં સ્થૂળતા (obesity) નો મુદ્દો ઉઠાવતા અવા અભ્યાસો ટાંક્યા જે સૂચવે છે કે ભારતમાં ભવિષ્યમાં દર ત્રણમાંથી એક વ્યક્તિ સ્થૂળતાથી પીડાઈ શકેછે, જે ડાયાબિટીસ, બ્લડ પ્રેશર અને અન્ય રોગોનું જોખમ વધારે છે, જેમાં યુવાનો સૌથી વધુ અસરગ્રસ્ત જૂથ છે. તેમણે સતર્કતાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો અને તેલનું સેવન ઘટાડવા વિનંતી કરી હતી, અને ખોરાકમાં તેલનો વપરાશ ૧૦ ટકા ઘટાડવા માટેની તેમની અગાઉની અપીલનો પુનરોચ્ચાર કર્યો હતો. રેખાંકિત કરતા કે NCC માત્ર માર્ચ કરવાનું જ નથી શીખવતી પરંતુ નાગરિકો તરીકે જવાબદારી પણ કેળવે છે, કૌશલ્ય અને મૂલ્યો આપે છે જે કેડેટ્સને સારા નાગરિક બનવામાં મદદ કરે છે, શ્રી મોદીએ નોંધ્યું હતું કે પ્રજાસત્તાક દિવસની ઉજવણી દરમિયાન મંળવેલા અનુભવો તેમના વ્યક્તિત્વને વધુ નિખારે છે. પ્રધાનમંત્રીએ જીવનની દરેક કસોટીમાં તેઓ સફળ થશે અને વિકસિત ભારતના નિર્માણમાં સતત યોગદાન આપતા રહેશે તેવો વિશ્વાસ વ્યક્ત કરી શુભેચ્છાઓ સાથે પોતાના વક્તવ્યનું સમાપન કર્યું હતું. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રીઓ શ્રી રાજનાથ સિંહ, ડૉ. મનસુખ માંડવિયા, શ્રી સંજય સેઠ અન્ય મહાનુભાવો સાથે ઉપસ્થિત રહ્યા હતા.

તંત્રી સ્થાનેથી.....

વનસંપદા અને વન્ય જીવ સૃષ્ટિમાં સમૃદ્ધ ગુજરાતમાં વન્ય પ્રાણી સંરક્ષણ, સંવર્ધન, રેસ્ક્યુ અને રિહેબિલિટેશનની વિવિધ કામગીરી માટે ફિલ્ડમાં ફરજ બજાવતા વનકર્મીઓને ચોક્કસ પ્રકારની ખાસ સુવિધાથી સજ્જ વાહનો આપવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સાસણગીરમાં આવા ૧૮૩ વાહનોને ગુરુવારે સવારે ફ્લેગ ઓફ કરાવ્યું હતું. વન વિભાગે વિવિધ પ્રોજેક્ટ્સ અંતર્ગત ૧૭૪ ફિલ્ડ બાઈક, ૬ બોલેરો કેમ્પર અને ૩ મોડીફાઈડ રેસ્ક્યૂ વ્હીકલ્સ ફોરેસ્ટ ફિલ્ડ સ્ટાફના પેટ્રોલિંગ, પ્રોટેકશન અને રેસ્ક્યુ કામગીરી માટે ઉપલબ્ધ કરાવ્યા છે. મુખ્યમંત્રીશ્રી આ વાહન ફ્લેગ ઓફ કરાવતા પૂર્વે વહેલી સવારે સિંહ દર્શન માટે ગયા હતા અને દિવસ ની શરૂઆત ગીર ફોરેસ્ટ માં શિયાળાની ઠંડી સાથે કુદરતના ખુશનુમા સાનિધ્યમાં કરીને સિંહ દર્શનની રોમાંચક અનુભૂતિ કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ ખાસ સુવિધાથી સજ્જ આ વાહનોનું સંબંધિત વનકર્મીઓને ફાળવણી માટે ફ્લેગ ઓફ કરાવ્યું તે અવસરે વન પર્યાવરણ અગ્ર સચિવ શ્રી ડૉ. વિનોદ રાવ, અગ્રમુખ્ય વન સંરક્ષક ડૉ. જયપાલસિંહ અને વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ વન વિભાગના રેસ્ક્યુ સેન્ટર ની પણ આ વેળાએ મુલાકાત લીધી હતી. ગીર, બૃહદ ગીર અને સમગ્ર લાયન લેન્ડસ્કેપ તેમજ રાજ્યના અન્ય વન વિસ્તારોના વનકર્મીઓ માટે આ નવા ફાળવાયેલા વાહનો વધુસક્ષમતાપૂર્વક ફરજો બજાવવા અને રેસ્ક્યુ કામગીરી માટે ઉપયુક્ત બનશે.

સ્માર્ટસિટી સુરતનું સ્માર્ટમોડેલ: હવે 'ડાયમંડસિટી' બનશે 'ઝીરો વેસ્ટસિટી'

કચરાના વ્યવસ્થાપનમાં દેશનું 'રોલ મોડેલ' ડાયમંડ સિટી હવે 'સર્કયુલર ઇકોનોમી' તરફ અગ્રેસર

કમલમ્, ગાંધીનગર

એકસમયે માત્ર હીરા અને ટેકસટાઈલ ઉદ્યોગ માટે જાણીતું સુરત શહેર આજે પર્યાવરણ જાળવણી અને કચરાના નિકાલ માટે સમગ્ર દેશમાં પથદર્શક બની રહ્યું છે. સુરતહવે માત્ર 'ડાયમંડ સિટી' તરીકે નહીં, પણ 'ઝીરો વેસ્ટ સિટી' તરફ આગળ વધી રહ્યું છે. રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલા 'અર્બન ડેવલપમેન્ટ વર્ષ' - શહેરી વિકાસ વર્ષની ઉજવણીના અવસરે સુરત મહાનગરપાલિકાએ આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે 'ગ્રીન ગ્રોથ'ને પણ પ્રાથમિકતા આપી છે. વિકાસની હરણફાળ ભરી રહેલું સુરત શહેર હવે પર્યાવરણની જાળવણીમાં પણ દેશનું નેતૃત્વ કરી રહ્યું છે. મહાનગરપાલિકાએ આગામી બે વર્ષમાં શહેરમાંથી નીકળતા ઘન બાંધકામ કચરા (C&D Waste)ના ૧૦૦ ટકા રિસાયકલિંગનું લક્ષ્ય રાખ્યું છે. એવી વ્યવસ્થા ગોઠવવામાં આવી રહી છેકે શહેરનો કોઈપણ બાંધકામ કચરો ડમ્પિંગ સાઈટ સુધી પહોંચવાને બદલે સ્થળ પર જ અથવા પ્લાન્ટમાં રિસાયકલ થઈ પુનઃ વપરાશમાં લેવાય. સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરના બાંધકામ અને ડિમોલિશન કચરાનું વૈજ્ઞાનિક રીતે એકત્રીકરણ કરીનેતેને ફરીઉપયોગમાં લેવા માટે કાર્યરત કરાયેલા કન્સ્ટ્રકશન અને ડિમોલિશન (C&D) વેસ્ટ રિસાયક્લિંગ પ્લાન્ટ હવે સમગ્ર ભારત માટે એક ઉદાહરણરૂપ મોડેલ બન્યો છે. આ પ્રોજેક્ટ શહેરની સાફસફાઈ સાથે પર્યાવરણનું રક્ષણ અને કુદરતી સંસાધનો બચાવવા પણયોગદાન આપી રહ્યો છે. બાંધકામના કચરાનું ૧૦૦ ટકા રિસાયક્લિંગ કરતા સુરતની આ સ્માર્ટ પહેલ માત્ર સફાઈ પૂરતી મર્યાદિત નથી, પણ તે પર્યાવરણના જતનનું મોટું અભિયાન બન્યું છે. આ રિસાયક્લિંગ પ્રક્રિયાના પરિણામે દર વર્ષે અંદાજે ૫૦૦ ટનથી વધુ ઝેર (કાર્બન ડાયોક્સાઈડ)નું ઉત્સર્જન ઘટાડે છે, જે ૨,૫૦,૦૦૦ કિલો બ્રેલસાની બચત સમાન છે. જેથી કુદરતી સંસાધનો (જેમ કે પથ્થર અને રેતી) ના ખનન પરનું ભારણ ઘટ્યું છે. સ્વચ્છ સર્વેક્ષણ-૨૦૨૪માં સમગ્ર ભારતમાં સૌથી વધુ ગુણ મેળવી સુરતે દેશમા ફરી એકવાર સ્વચ્છતામાં આગવી ઓળખ ઉભી કરી છે. સુપર સક્શન લીગમાં સુરત સતત અગ્રેસર રહ્યું છે, ઝીરો વેસ્ટ મેનેજમેન્ટ તરફ દૃઢ પ્રયાસો થઈ રહ્યા છે. સુરત મનપા, રાજ્ય અને કેન્દ્ર સરકારના માર્ગદર્શનહેઠળ કચરાને વૈજ્ઞાનિક રીતે રિસાઈકલ અને વેસ્ટ મેનેજમેન્ટ કરવામાં આવે છે. શહેરમાં બાંધકામ અને ડિમોલીશન વેસ્ટના ઘન કચરામાંથી બેસ્ટ પ્રોડક્ટસનું ઉત્પાદન કરવા માટે કન્સ્ટ્રકશન અને ડિમોલીશન વેસ્ટ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવી છે. સુરતના કોસાડ ખાતે ૩૦૦ મેટ્રિક ટન પ્રતિ દિવસ ક્ષમતા ધરાવતો પ્લાન્ટ. જનભાગી દારી (PPP) મોડલ હેઠળ કાર્યરત છે, જેમાં દરરોજઅંદાજિત ૮૦ મેટ્રિક ટન ડિમોલીશન વેસ્ટ રિસાયકલ થાય છે.આમ C&D વેસ્ટથી પેવર બ્લોકસ, વિવિધ પ્રકારના કન્સ્ટ્રકશન વેસ્ટ મટીરિયલ્સમાંથી ઉચ્ચ ગુણવત્તાના ઉત્પાદનો બનાવવામાં આવે છે. ક્લિન સિટી સુરતમાં ડેમોલિશન વેસ્ટહવે વેસ્ટનથી, પણ વેલ્થ બની રહ્યો છે. સુરત મનપા દ્વારાક્લિન કન્સ્ટ્રકશન ગાઈડલાઈન અમલી બનાવી છે. ઈ-ગવર્નન્સના માધ્યમથી નાગરિકો ઘરબેઠાં જ કન્સ્ટ્રકશન વેસ્ટ ઉપાડવા માટે નોંધણી કરાવી શકે છે. સુરત મનપાએ એક પ્રેરણાદાયી નિર્ણય લેતા પ્લાન્ટમાં નિકળતી રિસાયકલ સામગ્રીને સરકારી ટેન્ડરોમાં પણ ૨૦ટકા સુધી રિસાયક્લ સામગ્રીનો ઉપયોગ ફરજિયાત કર્યો છે. આમ નીતિથી રિસાયકલ થયેલી ચીજવસ્તુઓના માર્કેટને વેગમળશે અને 'સર્કયુલર ઇકોનોમી' મજબૂત બનશે. સુરત મનપા દ્વારા અમલી ક્લિન કન્સ્ટ્રકશન ગાઈડલાઈન શહેરના હવા પ્રદૂષણને ઘટાડવામાં મહત્વપૂર્ણ સાબિત થઈ રહી છે. સ્માર્ટ મોનિટરિંગને કારણે નાગરિકોની ફરિયાદોમાં ઘટાડો થયો છે. બાંધકામ સ્થળોએ પતરા, શેડ્સ, ધૂળનિયંત્રણ માટે સ્પ્રિંકલર્સ અને ગ્રીન નેટનો ફરજિયાત ઉપયોગ આ બધુંમળીને સુરતને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને સુવાસિત બનાવે છે.

ગાંધીનગર જિલ્લા અદાલતમાં પ્રજાસત્તાક પર્વની ઐતિહાસિક ઉજવણી કરવામાં આવી

ન્યાયાધીશો, વકીલો અને પરિવારજનોની ઉપસ્થિતિએ ઉજવણી બની સ્મરણિય

કમલમ્,

ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ એન્ડ સેસન્સ કોર્ટના પ્રાંગણમાં ૭૭મા પ્રજાસત્તાક પર્વની ભવ્ય ગરિમામય અનેઐતિહાસિક ઉજવણી કરવામાં આવી હતી. વર્ષ ૨૦૦૪ બાદ પ્રથમવાર જિલ્લા અદાલતમાં આ પ્રકારનો વિશાળ અને સંયોજિત કાર્યક્રમ યોજાયો હતો, જેને લઈને અદાલત વર્તુળોમાં વિશેષ ઉત્સાહ અને આનંદ જોવા મળ્યો હતો. કાર્યક્રમની શરૂઆત ન્યાયિક અધિકારીઓદ્વારા પરંપરાગત સાફા (ટર્બન) ધારણ કરવાની વિધિ સાથે કરવામાં આવ્યું. આ પ્રસંગે ગાંધીનગરના DGP શ્રી હિતેશ રાવલ સાહેબ તથા ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ શ્રી શંકરસિંહ ગોહિલે પ્રાસંગિકપ્રવચન આપી સંવિધાન, લોકશાહી અને રાષ્ટ્રીય મૂલ્યો અંગે પ્રેરણાદાયી વિચારો રજૂ કર્યા. કાર્યક્રમની વિશે ષતા એ રહી કે તેમાં ન્યાયાધીશો, વકીલ મિત્રો, કોર્ટ સ્ટાફ, સાંસ્કૃતિક કાર્યક્રમના સહભા ગીઓ તેમજ તેમના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સૌના સહયોગથી આ કાર્યક્રમ માત્ર ઔપચારિક ઉજવણી નહીં પરંતુ એક સામૂહિક સામાજિક ઉત્સવ બની ગયોહતો.

કાર્યક્રમ દરમિયાન યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમોએ સમગ્ર પ્રાંગણને દેશભક્તિના રંગે રંગી દીધું હતું. ૨૦ વર્ષના લાંબા અંતરાલ બાદ યોજાયેલા આ ભવ્ય અને સુવ્યવસ્થિત આયોજનને ગાંધીનગર જિલ્લા અદા લતના વર્તુળોમાંથી વ્યાપક પ્રશંસા મળી રહીછે.

CISF વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન ૨૦૨૬ને પશ્ચિમી દરિયા કાંઠેથી, કચ્છના લખપતથી લીલી ઝંડી બતાવી રવાના કરવામાં આવી

કમલમ્,

"વંદે માતરમના ૧૫૦ વર્ષ"નો સંદેશ અને "સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત"ની થીમ સાથેની CISF વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન ૨૦૨૬નેપશ્ચિમી દરિયાકાંઠેથી, ભુજના લખપત ગામથી ઔપચારિક રીતે લીલી ઝંડી બતાવી રવાના કરવામાં આવી હતી. વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન-૨૦૨૬, જે એક પ્રમુખ રાષ્ટ્રીય જાહેર આઉટરીચ અને જાગૃતિ પહેલ છે, તેનેઆજે સવારે ૦૭૩૦ કલાકે મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ, નવી દિલ્હીથી માનનીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી નિત્યાનંદ રાય દ્વારા વર્ચ્યુઅલી લીલી ઝંડી દર્શાવી રવાના કરવામાં આવી હતી. આ પ્રસંગે શ્રી પી. એમ. જાડેજા, પારાસલ્ય (MLA), અબડાસા, શ્રી એસ. એ. ખલીફા, સરપંચ, લખપત ગામ, શ્રી જગુભાઈ ખોખર, સરપંચ, ગુનેરી ગામ, શ્રી બળવંતસિંહ સોઢા, સરપંચ, માંડવી ચેર, શ્રી રાજુ ભાઈ, ગુરુદ્વારા પ્રમુખ, શ્રી અનુપ ભાઈ, શાંતિ નિકેતન ટ્રસ્ટ તેમજ શ્રી ઓ. પી. શર્મા, કમાન્ડન્ટ, BSF, 68 Bn સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં કુલ ૬૫ સાયકલ સવારોએ સક્રિયપણે ભાગ લીધો હતો. આ ઉપરાંત, મોટી સંખ્યામાં શાળાના બાળકો સહિત અંદાજે ૨૦૦ જેટલા સ્થાનિક રહેવાસીઓએ કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો, જે મજબૂત સામુદાયિક જોડાણ અને જાહેર સમર્થનને પ્રતિબિંબિત કરે છે. ફ્લેગ-ઓફ સમારોહ બાદ લખપત ગામની પ્રાથમિક વિદ્યાલયના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક જૂથ નૃત્યનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. અધિકારીઓ, સુપરવાઈઝરી સ્ટાફ અને CIS Fના જવાનોએ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાયકલોથોનની શરૂઆત મજબૂત જાહેર ભાગીદારી અને ઉત્સાહ, એકતા અને રાષ્ટ્રીય ગૌરવના વાતાવરણ વચ્ચે થઈ હતી.

નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે રિન્યુએબલ એનર્જી કોક્લેવ યોજાઈ

ગુજરાત એ ધરતી છે, જ્યાં તમારો રોકાયેલો એક-એક રૂપિયો તમારી ૧૦ પેઢી સુધી ઇન્વેસ્ટમેન્ટ રૂપે સુરક્ષિત રહેશે-નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

વડાપ્રધાનશ્રીએ પર્યાવરણની ચિંતા સાથે વિકાસનો માર્ગ કંડારવાનો જે પ્રયત્ન કર્યો છે, તે પ્રયત્નોના કારણે ગુજરાતને આજે એક વિશિષ્ટ સ્થાન મળ્યું છે,જેમાં રીન્યુએબલ એનર્જી મહત્ત્વનો એક ભાગ છે- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ

કમલમ્,

ગુજરાત અત્યારે ભારતના 'રિન્યુએબલ એનર્જી કેપિટલ' તરીકે ઉભરી રહ્યું છે. રાજ્યની ભૌગોલિક સ્થિતિ, લાંબો દરિયાકિનારો અને સરકારની પ્રોત્સાહક નીતિઓને કારણે ગુજરાત ગ્રીન એનર્જી ક્ષેત્રે વૈશ્વિક હબ બની ગયું છે.જેમાં વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક ગુજરાતના કચ્છના ખાવડામાં આકાર લઈ રહેલો હાઈબ્રિડ પાર્કપ્રોજેક્ટ છે. અહીં સોલર પેનલ્સ અને વિન્ડ ટર્બાઈન બંનેનો ઉપયોગ કરીને વીજળી પેદા કરવામાં આવશે.તથા ગુજરાત સોલર પાવરના ઉત્પાદનમાં અને તેના ઉપયોગમાં દેશમાં અગ્રેસર છે.

ગુજરાત પાસે વિશાળ દરિયાકિનારો છે, જે પવન ઊર્જા માટે આશીર્વાદ સમાન છે.ઉપરાંત ગ્રીન હાઈડ્રોજન મિશન ભવિષ્યના બળતણ તરીકે આળખાતા ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન માટે ગુજરાત મજબૂત પાયા નાખ્યો છે. ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬ ના રોજ ગાંધીનગર, ધ લીલા ખાતે ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને The Secretariatના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી રિન્યુએબલ એનર્જી કોક્લેવમાં નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવી તથા ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ સહભાગી થયા હતા. રિન્યુએબલ એનર્જી માટેની કોક્લેવ -૨૦૨૬ અંતર્ગત સમગ્ર ટીમને અભિનંદનઆપતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, રીન્યુએબલ એનર્જી અંતર્ગત ગુજરાત ઘણી બધી કામગીરી કરી છે. વર્તમાન વડાપ્રધાનશ્રી અનેજે તે સમયના ગુજરાતના તાલુકાલિક મુખ્યમંત્રી શ્રીની વિઝનરી લીડરશીપમાં આપણે ક્યાંથી ક્યાં પહોંચ્યા છે, તેમ જણાવતા નાયબ મુખ્યમંત્રી શ્રી ઉમેર્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં રિન્યુએબલ એનર્જીમાં આપણેમાત્ર ૯૦ મેગાવોટ પ્રોડક્શનથી શરૂઆત કરી હતી અને આજે વર્ષ ૨૦૨૬માં ૪૨,૫૦૦થી વધુ મેગાવોટ આપણે પ્રોડ્યુસ કરી રહ્યા છીએ. વર્ષ ૨૦૦૨માં જે લોકોએ વર્તમાન પ્રધાનમંત્રીશ્રીના આ વિઝન પર મજાક ઉડાવી હતી, તેવા લોકો આજે દુનિયા માટે મજાક બની ગયા છે. સાથે જ આ વિશે તેમણે ગુજરાતની વાત કરતા ગર્વ સાથે ઉમેર્યું હતું કે, અહીં બેઠેલા બધા જ લોકોગુજરાતની આ રીન્યુએબલ એનર્જીની યાત્રાના સાક્ષી છે. દેશભરમાં સૌથી વધુ મજબૂતાઈથી રીન્યુએબલ એનર્જી માટે જો કોઈ રાજ્ય એ પહેલ કરી હોય તો તે ગુજરાત છે, તેથી ગુજરાત દેશભરમાં RE-(renewable energy) માં પ્રથમ ક્રમાંકે છે. એક ગુજરાતી તરીકે ગર્વ અનુભવતા નાયબ મુખ્યમંત્રી શ્રીએ કહ્યું હતું કે, લેગેસી શું છે, આ મજબૂત લેગેસી જ અમારા જેવા લોકોને મજબૂત રોડ મેપ મળ્યો છે, જેના પર માત્ર અમારે કામ કરવાનું છે. જેને તેમણે પોતાની ખુશનસીબી ગણાવી હતી. વેપારીના બે નિયમોનું ઉદાહરણ આપી તેમણે ઉમેર્યું હતું કે, ગુજરાત એ ધરતી છે, જ્યાં તમારો રોકાયેલો એક-એક રૂપિયો તમારી ૧૦ પેઢી સુધી ઈન્વેસ્ટમેન્ટ રૂપે સુરક્ષિત રહેશે. સાથે જ કચ્છમાં ભૂકંપ પછી જે તારાજી સર્જાઈ હતી, તે સમય પછી, કચ્છમાં સ્થાપાયેલી ઈન્ડસ્ટ્રીઝની સફળતા અંગે જણાવતા કહ્યું હતું કે, ગુજરાતમાં રોકાણ પછીરિટર્ન હંમેશા સારું મળશે, તેનું આ ઉત્તમ ઉદાહરણ છે. તમે એક બ્રાન્ડ્સ સ્ટેટ સાથે જોડાઈ રહ્યા નો ગર્વ અનુભવી શકો છો. ગુજરાત રિન્યુએબલ એનર્જીના ક્ષેત્રમાં ૬૪ ટકા પ્રોડક્શન કરે છે, દેશભરમાં ગુજરાત નો કોઈ મુકાબલો આ ક્ષેત્રમાં નથી. દેશભરમાં ગુજરાત ટુકટોપ સોલારમાં ૩૦ ટકા કામગીરી સાથે પ્રથમ છેએટલે કે ગુજરાતમાં સાડા સાત લાખ ઘરોમાંસોલર રૂફટોપ લાગી ગયા છેઅને જે ઘરોમાં સોલર લગાવાયું છે, ત્યાં માત્ર આ એક બીજબીલ બચત થી એક બાળક સારી રીતે ભણી શકેનેટલી આર્થિક બચત થઈ રહી છે. તદુપરાંત ઈઈ (રીન્યુએબલ એનર્જી)મેન્યુફેક્ચરિંગમાં પણ ગુજરાત અવ્વલ નંબરે છે. ૨૦૦૨ થી ૨૦૨૬ સુધીમાં આપણે જોયેલી વિકાસયાત્રામાં મેન્યુફેક્ચરિંગ પણ એક મહત્ત્વનો મુદ્દો છે. ત્યારે વર્ષ ૨૦૨૨ થી શરૂ થયેલી આ યાત્રામાં વિન્ડ, RE, મેન્યુફેક્ચરિંગ, સોલર વગેરેમાં હંમેશા નંબર વન રહી શકીએ તે માટે તથા દેશમાં કઈ રીતે આ એનર્જી સિસ્ટમથી ભવું કરી શકીએ તે માટેરીન્યુએબલ એનર્જી સાથે જોડાયેલાં, તમામ લોકોને સંકલ્પબદ્ધ રહી કાર્ય કરવા નાયબ મુખ્યમંત્રી શ્રીએ અનુરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે, ભવિષ્યમાં પણ આ અંગે કોઈપણ વ્યક્તિ નવા વિચાર સાથે આવશે તો મજબૂત ટીમવર્ક થકી સરકાર સૌ ને સંપૂર્ણ સહયોગ જરૂર આપશે.

એટલે જ આવી કોકલેવ તથા કોન્ફરન્સો સરકાર અને નવા આઈડિયા વચ્ચે બ્રિજનું કામ કરે છે. આ સાથે જ થોડા સમય પહેલા નાયબ મુખ્યમંત્રી શ્રી કરેલા વિદેશ પ્રવાસ અંગેના સંસ્મરણો વા ગોળતા તેમણે જણાવ્યું હતું કે, ઈન્ડિયાની ડિમાન્ડ વિશ્વમાં મોખરે છે. વર્લ્ડ ઇકોનોમીમાં ભારતનો દબદબો જોઈ એક ભારતીય યુવાન તરીકે તેમણે જે ગર્વ અનુભવ્યો હતો જે આનંદની લાગણી વ્યક્ત કરી હતી તે જણાવતા તેમણે ઉમેર્યું હતું કે, જ્યાં ભારતની વાત થતી હોય ત્યાં ગુજરાત પાછળ હોય જ નહીં, આવનારા વર્ષોમાં નવી હજારો તક ઊભી થઈ રહી છે.તમારામાં મહેનત કરવાની જેટલી ક્ષમતા હશે તેનાથી વધુ તકતમારા માટે આવી રહી છે.ગુજરાત કેમિકલ, ફામાં, ખેતી, રીન્યુએબલ એનર્જીજેવા વિવિધ ક્ષેત્રે યુવાનો માટેખૂબ મોટા પાયે તકો મળશે. ગુજરાતને હંમેશા દરેક બાબતે પ્રથમ ક્રમાંકે રાખવા સરકારની 'ટીમ ગુજરાત' હંમેશા તમારી સોની સાથે છે તેમ જણાવી, નાયબ મુખ્યમંત્રી શ્રી એ કહ્યું હતું કે, તમે તમારા ફિલ્ડમાં ગ્લોબલ લીડર કઈ રીત બની શકો? તમારી કાબેલિયત થકી, ભવિષ્યમાં દેશને કેવી રીતે વિશ્વમાં પ્રથમ હરોળે લઈ જવા પ્રયત્ન કરી શકો, તે વિચાર મધ્યવર્તી રાખી પોતાનું કાર્ય કરવાનું છે અને એના માટે તમે જ્યાં પણ જોડાયેલાં છો તે પ્રોડક્ટની ક્વોલિટી મજબૂત અને સ્કેલ મોટો હોવો જરૂરી છે. અંતે નાયબ મુખ્યમંત્રી શ્રી એ ઉમેર્યું હતું કે, રિન્યુએબલ એનર્જીની આ કોન્ફરન્સમાં થયેલી ચર્ચાઓ અને તેમાં ઉદભવેલા પ્રશ્નોના નિવારણમાં સરકાર થકી શું મદદ થઈ શકે, તે માટે જે સલાહ સૂચના આવશે તે આવકાર્ય છે તથા ગુજરાત રાજ્ય સ્ટાર્ટઅપમાં છેલ્લા છ વર્ષથી નંબર વન પર છે. ત્યારે રિન્યુએબલ એનર્જી માટે પણ સરકાર દ્વારા આ રીતે ગ્રેટ મદદની જરૂર પડે તો પણ જાણ કરવા નાયબ મુખ્યમંત્રી શ્રી અનુરોધ કર્યો હતો. રીન્યુએબલ એનર્જી કોન્ફરન્સ અંતર્ગત ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલે પ્રાસંગિક ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીએ પર્યાવરણની ચિંતા સાથે વિકાસનો માર્ગ કંડારવાનો જે પ્રયત્ન કર્યો છે, તે પ્રયત્નોના કારણે ગુજરાતને આજે એક વિશિષ્ટ સ્થાન મળ્યું છે. જેમાં રીન્યુએબલ એનર્જી મહત્ત્વનો એક ભાગ છે.

આ કોન્ફરન્સ અંતર્ગત સરકાર સાથે સંકલનમાં? રહીને આ વિષય અંગે નાના મોટા પ્રશ્નોની જાણકારી અને તેના સમાધાનનો જે પ્રયત્ન થયો છે, તેના માટે તેમણે આયોજન કર્તાને અભિનંદન પાઠવ્યા હતા. ઊર્જા વિભાગના મંત્રી તરીકે જ્યાં જરૂર પડે ત્યાં તેઓની સંપૂર્ણ મદદ અને માર્ગદર્શન રીન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ સાથે જોડાયેલા લોકોને મળશે તેની તેમણે ખાતરી આપી હતી. સ્વાર્થ સાથે પરમાર્થના ભાવ સાથે રીન્યુએબલ એનર્જીને સારી વ્યવસ્થા ગણાવતા તેમણે ઉમેર્યું હતું કે, કુદરતમાં પડેલી અખૂટ શક્તિ જેમકે પાણી, વાયુ ,સૂર્ય વગેરેમાંથી ઊર્જા ઉત્પન્ન કરવાની પહેલ કરી, પર્યાવરણની ચિંતા કરતા સમગ્ર ભારતમાં ગુજરાત અગ્રેસર છે. ઊર્જામંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, વડાપ્રધાન શ્રીના નક્કી કરેલ પરિવાર્તના આપણો વિકાસ પણ કરીશું, આગળ પણ વધીશું અને પર્યાવરણને નુકસાન પણ નહીં થવા દઈએ. સાથે જ આ કોન્ફરન્સમાં જેપણ પરિસંવાદ થશે અને જે મુશ્કેલીઓ ઉભરાશે તેમાં પણ સહાયક બનવા મંત્રી શ્રી એ તત્પરતા દાખવી હતી.આ તકે ઊર્જા અને પેટ્રોલ કેમિકલ્સ વિભાગના અધિક અગ્ર સચિવ શ્રી અશ્વિની કુમારે ગુજરાત સરકારની રીન્યુએબલ ઊર્જાપોલિસીની વિશિષ્ટતાઓ અને ભવિષ્યના વિઝન અંગે સર્વને માહિતગાર કર્યા હતા The Secretariat ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર શ્રી પ્રશાંત ગઢવી આભારવિધિ કરી હતી. આ પ્રસંગે The Secretariat ના ચેરમેન શ્રી કિરણ વડોદરિયા, દેશભરમાંથી આવેલા રેન્યુએબલ એનર્જી સાથે સંકળાયેલા વિવિધ ઉદ્યોગકારો, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અધિકારીઓ તથા સ્ટેકહોલ્ડર્સ ઉપસ્થિત રહ્યા હતા.

કુદરતમાં પડેલી અખૂટ શક્તિ જેમકે પાણી, વાયુ ,સૂર્ય વગેરે માંથી ઊર્જા ઉત્પન્ન કરવાની પહેલ કરી પર્યાવરણની ચિંતા કરતા સમગ્ર ભારતમાં ગુજરાત અગ્રેસર છે-મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી નિત્યાનંદ રાયે નવી દિલ્હીથી CISF વંદે માતરમ કોસ્ટલ સાયકલોથોન-૨૦૨૬ ને વર્ચ્યુઅલ રીતે લીલી ઝંડી બતાવી રવાના કરી

કમલમ્,

CISF વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન-૨૦૨૬, જે એક પ્રમુખ રાષ્ટ્રીય જાહેર આઉટરીચ અને જાગૃતિ પહેલ છે, તેને આજે સવારે મેજર ધ્યાનચંદ નેશનલ સ્ટેડિયમ, નવી દિલ્હીથી વર્ચ્યુઅલ રીતે લીલી ઝંડી બતાવી રવાના કરવામાં આવી હતી. આ કાર્યક્રમનું ઉદ્ઘાટન કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી શ્રી નિત્યાનંદ રાય દ્વારા કરવામાં આવ્યું હતું, જેમણે મુખ્ય અતિથિ તરીકે આ પ્રસંગની શોભા વધારી હતી. લીલી ઝંડી બતાવવાની સાથે જ, ૨૫-દિવસીય મેગા રાષ્ટ્રીય આંદોલન ઔપચારિક રીતે શરૂ થયું, કારણ કે બે CISF સાયકલિંગ ટીમો એકસાથે બખ્ખાલી (પશ્ચિમ બંગાળ) અને લખપત (ગુજરાત) થી રવાના થઈ હતી. આ ટીમો ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ કોચી ખાતે સમાપ્ત થાય તે પહેલાં, નવ દરિયાકાંઠાના રાજ્યો અને બે કેન્દ્રશાસિત પ્રદેશોને આવરી લેતા, ભારતના પૂર્વીય અને પશ્ચિમી દરિયાકાંઠા પર આશરે ૬,૫૦૦ કિલોમીટરનું અંતર સામૂહિક રીતે કાપશે. ફ્લેગ-ઓફ સમારોહમાં ડૉ. પલ્લવી જૈન ગોવિલ, સચિવ, યુવા બાબતો અને રમતગમત મંત્રાલય; શ્રી શત્રુજીત કપૂર, ડાયરેક્ટર જનરલ, ITBP; શ્રી પ્રવીર રંજન, ડાયરેક્ટર જનરલ, CISF; શ્રી રાકેશ અગ્રવાલ, ડાયરેક્ટર જનરલ, NIA; શ્રી ગૌરવ દ્વિવેદી, CEO, પ્રસાર ભારતી અને શ્રી સંજય સિંઘલ, ડાયરેક્ટર જનરલ, SSB સહિત અન્ય વરિષ્ઠ અધિકારીઓ અને અનેક પ્રતિષ્ઠિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ ઈન્ડિયા ગેટ પાસે સાયકલ રેલીમાં પણ ભાગ લીધો હતો, અને સાયકલ સવારોને પ્રતીકાત્મક રીતે પોતાનું સમર્થન આપ્યું હતું. તેમની હાજરી મજબૂત આંતર-મંત્રાલય અને આંતર-એજન્સી સહકારને પ્રતિબિંબિત કરે છે, જે આ પહેલના રાષ્ટ્રીય મહત્વને રેખાંકિત કરે છે અને સતર્કતા, એકતા અને વહેંચાયેલ રાષ્ટ્રીય સંકલ્પનો એકીકૃત સંદેશ આપે છે. કોસ્ટલ સાયક્લોથોનની બીજી આવૃત્તિ પ્રસંગે મેળાવડાને સંબોધતા ગૃહ રાજ્યમંત્રી શ્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે આ કાર્યક્રમ 'વંદે માતરમ' ના ૧૫૦ વર્ષ નિમિત્તે આયોજિત કરવામાં આવી રહ્યો છે, જે તે પ્રતિષ્ઠિત ગીત છે જેણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને પ્રેરણા આપી હતી અને રાષ્ટ્રીય સેવાના જોમ સાથે પેઢીઓને માર્ગદર્શન આપવાનું ચાલુ રાખ્યું છે. શ્રી રાયે ભારપૂર્વક જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ મંત્રી અને સહકાર મંત્રી શ્રી અમિત શાહજીના નેતૃત્વ હેઠળ, ગૃહ મંત્રાલય (MHA) દરિયાકાંઠાની સુરક્ષા મજબૂત કરવા પર વિશેષ ભાર મૂકી રહ્યું છે. તેમણે જણાવ્યું હતું કે દરિયાકાંઠાની સુરક્ષા માત્ર સક્રિય જાહેર ભાગીદારી દ્વારા જ મજબૂત કરી શકાય છે, ખાસ કરીને દરિયાકાંઠાના સમુદાયો દ્વારા. એક મુખ્ય સંસ્થાકીય સીમાચિહ્ન પર પ્રકાશ પાડતા, મંત્રીએ નોંધ્યું હતું કે તે રાષ્ટ્રીય ગૌરવની બાબત છે કે CISF ને ઈન્ટરનેશનલ શિપ એન્ડ પોર્ટ ફેસિલિટી સિક્યુરિટી (ISPS) કોડ હેઠળ માન્ય સુરક્ષા સંસ્થા (RSO) તરીકે નિયુક્ત કરવામાં આવી છે, જે આ દળને ભારતના દરિયાઈ અને બંદર સુરક્ષા આર્કિટેક્ચરના કેન્દ્રમાં રાખે છે. તેમણે વધુમાં રેખાંકિત કર્યું કે આ પહેલ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હિંદ મહાસાગર માટેના "SAGAR– સિક્યુરિટી એન્ડ ગ્રોથ ફોર ઓલ ઈન ધ રીજન" ના વિઝન સાથે સુસંગત છે જે 'સુરક્ષિત તટ, સમૃદ્ધ ભારત' (Secure Coast, Prosperous India) ની થીમ પર આધારિત છે. આ સમારોહમાં "વંદે માતરમ" નું સમૂહ ગાન અને CISF બેન્ડનું પ્રદર્શન જોવા મળ્યું હતું, જેની ઉત્સાહપૂર્ણ રચનાઓ સમગ્ર સ્થળ પર ગુંજી ઉઠી હતી અને વાતાવરણને ગૌરવ અને દેશભક્તિથી ભરી દીધું હતું. આ પ્રસંગે, શ્રી પ્રવીર રંજન, ડાયરેક્ટર જનરલ, CISF એ જણાવ્યું હતું કે "સાયક્લોથોનનું આયોજન 'વંદે માતરમ' ના ૧૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે કરવામાં આવી રહ્યું છે, જે પ્રતિષ્ઠિત ગીત છે જેણે ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામને પ્રેરણા આપી હતી અને રાષ્ટ્રીય એકતા, બલિદાન અને સામૂહિક સંકલ્પનું પ્રતીક છે.

આ ઐતિહાસિક સંદર્ભમાં, આ પહેલ નાગરિકોને રાષ્ટ્રની મહત્વપૂર્ણ દરિયાઈ સરહદોની સુરક્ષામાં જોડીને વંદે માતરમની ભાવનાને સમકાલીન કાર્યવાહીમાં પરિવર્તિત કરવાનો પ્રયાસ કરે છે."

CISF વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન-૨૦૨૬ દરિયાકાંઠાના પ્રદેશોને મજબૂત કરીને, સમુદાયોને સશક્ત બનાવીને અને સતર્ક, ફિટ અને જવાબદાર નાગરિકત્વ કેળવીને વિકસિત ભારત @2047 ના રાષ્ટ્રીય વિઝન સાથે નજીકથી સંરેખિત છે

કાર્યક્રમના ઉદ્દેશ્યો અને થીમેટિક ફોકસ: CISF કોસ્ટલ સાયક્લોથોન-૨૦૨૬ નો ઉદ્દેશ્ય છે:

- દરિયાકાંઠાના સમુદાયોને ડ્રગ્સ, શસ્ત્રો અને વિસ્ફોટકોની દાણચોરી જેવા જોખમો વિશે સંવેદનશીલ બનાવવા અને સતર્કતાને પ્રોત્સાહિત કરવી.
- મજબૂત દરિયાકાંઠાના સુરક્ષા નેટવર્ક માટે દરિયાકાંઠાના સમુદાયો અને સુરક્ષા એજન્સીઓ વચ્ચે ભાગીદારી મજબૂત કરવી.
- સ્વાતંત્ર્ય સેનાનીઓ, શહીદો અને સુરક્ષા કર્મચારીઓ અને તેમના પરિવારોના બલિદાનને સન્માન આપી વંદે માતરમની ભાવના કેળવવી.
- ભારતની સમૃદ્ધ દરિયાઈ વિરાસત, પરંપરાઓ, ઈતિહાસ અને ભૂગોળની ઉજવણી કરવી, જેમાં દરિયાકાંઠાના સમુદાયો, ખાસ કરીને માછીમારોના અમૂલ્ય યોગદાન પર પ્રકાશ પાડવો.
- ખાસ કરીને યુવાનો અને દરિયાકાંઠાના સમુદાયોમાં ફિટનેસ, શિસ્ત અને તંદુરસ્ત જીવનશૈલીને પ્રોત્સાહન આપવું.
- આ પહેલ રાષ્ટ્રના "તટ પ્રહરી" (Sentinels of the Coast) તરીકે દરિયાકાંઠાના સમુદાયો—ખાસ કરીને માછીમારો—ની નિર્ણાયક ભૂમિકા પર ભાર મૂકવા માંગે છે.

સામુદાયિક જોડાણ અને ગામ દત્તક લેવા સામુદાયિક જોડાણ એ આ આવૃત્તિમાં સાયક્લોથોનનો એક મુખ્ય સ્તંભ છે. મુસાફરી દરમિયાન, સાયક્લોથોન પર દરિયાકાંઠાના ગામડાઓમાં રોકાશે, જેને CISF દ્વારા સતત, વર્ષભરના જોડાણ માટે દત્તક લેવામાં આવશે. ONGC, પોર્ટ ઓથોરિટીઝ અને અન્ય દરિયાઈ એજન્સીઓ જેવા મુખ્ય હિતધારકો સાથેના સંકલનમાં, સ્થાનિક CISF યુનિટ્સ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR) પહેલ દ્વારા સમર્થિત સામુદાયિક કલ્યાણ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પ્રવૃત્તિઓ હાથ ધરશે. ભારતની દરિયાકાંઠાની નજીક સ્થિત 47 CISF યુનિટ્સ સાથે, આ દળ આ દત્તક લીધેલા ગામો સાથે સતત અને લાંબા ગાળાના જોડાણને સુનિશ્ચિત કરશે.

યુવા આઉટરીચ, સામાજિક જાગૃતિ અને પર્યાવરણીય જવાબદારી સતત જોડાણના ભાગરૂપે, યુવા નાગરિકોને ઉત્પાદક, રાષ્ટ્ર નિર્માણની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવા માટે ભરતી જાગૃતિ અભિયાન, રમતગમતની પ્રવૃત્તિઓ અને યુવા સંવાદ કાર્યક્રમો હાથ ધરવામાં આવશે. આઉટરીચ પ્લાનમાં જાગૃતિ કાર્યક્રમો, સાંસ્કૃતિક કાર્યક્રમો, સ્વચ્છ ભારત અભિયાન, વૃક્ષારોપણ અભિયાન અને નશીલા દ્રવ્યોના દુરુપયોગ અને હેરફેર વિરુદ્ધની પહેલોનો પણ સમાવેશ થાય છે, જે દરિયાકાંઠાના સમુદાયોમાં સામાજિક જાગૃતિ, સ્વચ્છતા અને પર્યાવરણીય જવાબદારીને પ્રોત્સાહન આપે છે.

મહિલા સશક્તિકરણ અને સર્વસમાવેશકતા યુવા જોડાણ અને મહિલા સશક્તિકરણ સાયક્લોથોનના મુખ્ય કેન્દ્રબિંદુ વિસ્તારો રહ્યા છે. ખાસ કરીને, ભાગ લેનારા સાયકલ સવારોમાં ૫૦ ટકા મહિલાઓ છે, જે રાષ્ટ્રીય સેવા પહેલમાં લિંગ સર્વસમાવેશકતા અને મહિલા સશક્તિકરણ તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. ફિટનેસ-આધારિત જાહેર સંવાદ દ્વારા, સાયક્લોથોન નાગરિકોને શિસ્ત, શારીરિક તંદુરસ્તી અને રાષ્ટ્ર પ્રત્યે સેવાની ભાવના અપનાવવા માટે પ્રેરિત કરવા માંગે છે.

મુખ્ય કાર્યક્રમો અને જાહેર ભાગીદારી

સાયક્લોથોન કોચી ખાતે તેના સમાપન પહેલા મુંબઈ, ગોવા, મેંગલુરુ, કોણાર્ક, વિશાખાપટ્ટનમ અને ચેન્નાઈ ખાતેના મુખ્ય કાર્યક્રમો દરમિયાન રમતગમત, સંસ્કૃતિ, ફિલ્મ ઉદ્યોગની જાણીતી હસ્તીઓ અને જાહેર વ્યક્તિઓની સહભાગિતાની સાક્ષી બનશે.

રાષ્ટ્રીય વિઝન સાથે સમન્વય

CISF વંદે માતરમ કોસ્ટલ સાયક્લોથોન-૨૦૨૬ દરિયાકાંઠાના પ્રદેશોને મજબૂત કરીને, સમુદાયોને સશક્ત કરીને અને સતર્ક, ફિટ અને જવાબદાર નાગરિકત્વ કેળવીને વિકસિત ભારત @2047 ના રાષ્ટ્રીય વિઝન સાથે નજીકથી સંરેખિત છે.

નવી આધાર એપ રાષ્ટ્રને સમર્પિત

નવી આધાર એપ લોકોને કેન્દ્રમાં રાખીને ઓળખની ચકાસણીની નવી કલ્પના કરે છે

કમલમ્,

વાણિજ્ય અને ઉદ્યોગ અને ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી રાજ્ય મંત્રી શ્રી જિતિન પ્રસાદે નવી આધાર એપ રાષ્ટ્રને સમર્પિત કરી, જે લોકોને કેન્દ્રમાં રાખીને ઓળખની ચકાસણીમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. યુનિક આઈડેન્ટિફિકેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (UIDAI) દ્વારા વિકસિત, આધાર એપ એ આગામી પેઢીની મોબાઈલ એપ્લિકેશન છે જે આધાર નંબર ધારકો (ANH) ને તેમની ડિજિટલ ઓળખ રાખવા, શેર કરવા, બતાવવા અને ચકાસવા માટે સુરક્ષિત, અનુકૂળ અને ગોપનીયતા-પ્રથમ (privacy-files) માર્ગ પ્રદાન કરવા માટે ડિઝાઈન કરવામાં આવી છે. નવી એપનું અનાવરણ કર્યા પછી, શ્રી પ્રસાદે પ્રશંસનીય કાર્ય માટે UIDAI ને અભિનંદન આપ્યા અને ભારપૂર્વક જણાવ્યું કે આધાર સરકાર માટે ડિજિટલ ગવર્નન્સનો એક નમૂનો (showpiece) બની રહ્યો છે. તેમણે કહ્યું કે UIDAI સેવા વિતરણને મુશ્કેલીમુક્ત અને સીમલેસ બનાવી રહ્યું છે, અને નવી એપ આ પ્રક્રિયાને વધુ વેગ આપશે. ભારતના સ્કેલ પર, ડિજિટલ ઓળખ પ્રણાલી એ માત્ર ટેકનોલોજીકલ સિદ્ધિ નથી; તે જાહેર વિશ્વાસ, સુશાસન અને નાગરિકોના સશક્તિકરણની બાબત છે. નવી આધાર એપ નિયંત્રણ, સંમતિ અને સુવિધા મજબૂત રીતે રહેવાસીઓના હાથમાં આપીને આ સિદ્ધાંતોને મૂર્ત સ્વરૂપ આપે છે. તેમના સંબોધનમાં, MeitY ના સચિવ એસ. ક્રિષ્નને જણાવ્યું હતું કે નવી એપ ડેટા મિનિમાઈઝેશન (ડેટાનો ઓછો ઉપયોગ) ને પ્રોત્સાહન આપશે અને સુરક્ષામાં વધારો કરશે અને આધાર નંબર ધારકો દ્વારા માહિતીના પસંદગીયુક્ત શેરિંગને પ્રોત્સાહન આપશે. વપરાશકર્તાઓના સમગ્ર સ્પેક્ટ્રમમાં ઉપયોગમાં સરળતા માટે ડિઝાઈન કરાયેલી, આધાર એપ વાસ્તવિક જીવનના ઉપયોગના કિસ્સાઓની (use cases) વ્યાપક શ્રેણીને સપોર્ટ કરે છે. આમાં ઓફલાઈન વેરિફિકેશન સીકિંગ એન્ટિટીના (OVSE) QR કોડ સ્કેનિંગ દ્વારા હોટેલ ચેક-ઈન્સનો સમાવેશ થાય છે. તે વૈકલ્પિક ફેસ વેરિફિકેશન (ચહેરાની ચકાસણી), સિનેમા ટિકિટ બુકિંગ માટે વય ચકાસણી, મુલાકાતીઓ અને એટેન્ડન્ટ્સ માટે હોસ્પિટલ એડમિશન, ગિગ વર્કર્સ અને સર્વિસ પાર્ટનર્સની ચકાસણી જેવા અનેક ઉપયોગના કિસ્સાઓની મંજૂરી આપે છે. એપમાં હાજરીના પુરાવા (proof of presence) માટે ફેસ વેરિફિકેશન, સિંગલ ક્લિકમાં બાયોમેટ્રિક લોક/અનલોક, ઓથેન્ટિકેશન હિસ્ટ્રી જોવી અને સંપર્ક વિગતો સરળતાથી શેર કરવા માટે ઊઈ-આધારિત સંપર્ક કાર્ડ જેવી અદ્યતન કાર્યક્ષમતાઓનો પણ સમાવેશ થાય છે. તે એક જ ઉપકરણ પર પાંચ સુધીના આધાર પ્રોફાઈલના સંચાલનની મંજૂરી આપે છે, જે "વન ફેમિલી – વન એપ" (એક પરિવાર – એક એપ) ના ખ્યાલને સક્ષમ કરે છે. સરનામાં અપડેટ કરવા ઉપરાંત, રહેવાસીઓ હવે એપ દ્વારા તેમના રજિસ્ટર્ડ મોબાઈલ નંબરને અપડેટ કરી શકે છે, ભવિષ્યમાં વધુ અપડેટ સેવાઓનું આયોજન છે. UIDAI ના ચેરમેન શ્રી નીલકંઠ મિશ્રાએ જણાવ્યું હતું કે પેપરથી પેપરલેસ સુધીની સફર એ એક મોટું કદમ છે અને UIDAI લોકોને તેની કામગીરી અને નવીનતાના કેન્દ્રમાં રાખશે. UIDAI ના CEO શ્રી ભુવનેશ કુમારે જણાવ્યું હતું કે એપની મુખ્ય વિશેષતા પસંદગીયુક્ત ઓળખપત્ર શેરિંગ (selective credential sharing) છે. રહેવાસીઓ વિનંતી કરતી સંસ્થાઓ દ્વારા જનરેટ કરાયેલ કસ્ટમાઈઝ્ડ QR કોડ દ્વારા ચોક્કસ ઉપયોગના કિસ્સામાં જરૂરી વિશિષ્ટ ઓળખ ક્ષેત્રો (identity fields) જ શેર કરી શકે છે. તેમણે સમજાવ્યું કે આ સુનિશ્ચિત કરે છે કે વેરિફાયર દ્વારા આધાર નંબર સંગ્રહિત કરવામાં ન આવે અને માત્ર ડિજિટલ રીતે સહી કરેલા ચકાસી શકાય તેવા ઓળખપત્રો જ શેર કરવામાં આવે, જે ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન (DPDP) એક્ટને અનુરૂપ ડેટા મિનિમાઈઝેશનને પ્રોત્સાહન આપે છે. નવી આધાર એપના લોન્ચિંગ સાથે, ભારત ફરી એકવાર તેના ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચરના મુખ્ય સિદ્ધાંતની પુષ્ટિ કરે છે: ટેકનોલોજી હંમેશા રહેવાસી-કેન્દ્રિત, સર્વસમાવેશક અને વિશ્વાસ પર બનેલી હોવી જોઈએ.

કારીગર તાલીમ યોજના હેઠળ ગુજરાતમાં કૌશલ્ય વિકાસના પ્રયાસોને મળ્યો વેગ

સરકારી ITI માં છેલ્લા ત્રણ વર્ષમાં કુલ ૨ લાખ કરતાં વધુ તાલીમાર્થીઓને અપાઈ તાલીમ

કમલમ્,

ઉદ્યોગોને કુશળ માનવબળ ઉપલબ્ધ થાય તેમજ જુદા જુદા ક્ષેત્રે વિકસતી ટેકનોલોજી અંગે યુવાઓને અદ્યતન તાલીમ આપી સ્વરોજગારી મેળવી શકે તે માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. આ રોજગારલક્ષી અભિયાનને વધુ બળ આપવા રાજ્યમાં કાર્યરત ૨૮૮ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ-ITI માં છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન કુલ ૦૨ લાખ કરતાં વધુ તાલીમાર્થીઓને વિવિધ ટ્રેડમાં તાલીમ આપવામાં આવી છે. સફળતાપૂર્વક તાલીમ પૂર્ણ કરેલ તાલીમાર્થીઓ પૈકી અંદાજે ૧૫ હજાર કરતાં વધુ યુવતીઓ સહિત ૧ લાખ કરતાં વધુ યુવાઓ નોકરી-રોજગારી તેમજ વિવિધ સ્વરૂપે સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર બન્યા છે. શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી કાંતિલાલ અમૃતિયાના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૨૫-૨૬માં રાજ્યની તમામ સરકારી ITI માં નેશનલ કાઉન્સીલ ફોર વોકેશનલ ટ્રેનીંગ-દ્રઝફ પેટર્નના ૭૫ રાષ્ટ્રીય કક્ષાના તેમજ ગુજરાત કાઉન્સીલ ઓફ વોકેશનલ ટ્રેનીંગ-GCVT/SCVT પેટર્ન હેઠળના ૨૯ રાજ્યકક્ષાના વ્યવસાયલક્ષી અભ્યાસક્રમ કાર્યરત કરવામાં આવ્યા છે. આ અભ્યાસક્રમોમાં ૧.૨ લાખ કરતાં વધુ બેઠકો પર યુવાઓ તાલીમ લઈ રહ્યા છે. આજના યુગમાં યુવાઓને વિકસતી ટેક્નોલોજીને અનુરૂપ તૈયાર કરવા માટે રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં ઓટોમોબાઈલ, ઈન્ટરનેટ ઓફ થિંગ્સ-IOT, રિન્યુએબલ એનર્જી, સોલાર, મિકેનિકલ, ઈલેક્ટ્રીકલ, આઈ.ટી. જેવા વિવિધ ટ્રેડની બેઠકોમાં વધારો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત ITI ના વિદ્યાર્થીઓને ઉચ્ચ કક્ષાનું શિક્ષણ મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના ૨૯૫ જેટલા સુપરવાઈઝર ઈન્સ્ટ્રક્ટરને L&T, CRISP Bhopal, International Automobile Center of Excellence-iACE, Gandhinagar, Indo German Tool Room, Ahmedabad, Tata Indian Institute of Skills (Tata IIS) જેવી નામાંકિત ઈન્ડસ્ટ્રીઝમાં Training of Trainers (ToT) ની તાલીમ આપવામાં આવી છે. નવીનતમ ઉદ્યોગો માટે સ્કિલ્ડ મેનપાવર સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેમજ ગુણવત્તાયુક્ત તાલીમાર્થીઓને તાલીમ પૂરી પાડવા રાજ્ય સરકાર દ્વારા સ્કિલ ડેવલપમેન્ટ ક્ષેત્રે ઉદ્યોગો સાથે ઈન્વેસ્ટમેન્ટ અને સ્ટ્રેટેજીક રીતે કરવામાં આવે છે. જે અંતર્ગત અંદાજીત રૂ. ૧૦ કરોડના ઈન્વેસ્ટમેન્ટ સાથેના આ MoU અંતર્ગત વિવિધ ઉદ્યોગો દ્વારા ITI ખાતે અદ્યતન ટેકનોલોજીયુક્ત મશીનરી સાથેની લેબ વિકસિત કરવામાં આવી છે. જ્યાં તાલીમાર્થીઓને અદ્યતન ટેકનોલોજી સાથે પ્રેક્ટિકલ અને થીયરીની તાલીમ આપવામાં આવે છે. આ ઉપરાંત તાલીમાર્થીઓને પ્લેસમેન્ટની તથા ટ્રેનિંગ ઓફ ટ્રેનર્સ તેમજ આચાર્યને પણ તાલીમ આપવામાં આવે છે. વધુમાં રાજ્યની રોજગાર અને તાલીમ કચેરી દ્વારા The United Nations Entity for Gender Equality and the empowerment of women, kUku Upskill young women to access decent employment, apprenticeships or higher education opportunities in STEM fields objective અન્વયે MoU કરવામાં આવ્યા છે. આ ઉપરાંત The United Nations Entity for Gender Equality and the empowerment of women દ્વારા STEM (Science, Technology, Engineering and Mathematics) મોડ્યુલ અંતર્ગત ૭૭ કલાકનો અભ્યાસક્રમ બનાવવામાં આવ્યો છે. જે અભ્યાસક્રમ મુજબ અમદાવાદ, સુરત, ભરૂચ, નવસારી અને વલસાડ જીલ્લાની તમામ ITI ની મહિલા તાલીમાર્થીનીઓને તાલીમ આપવામાં આવશે. ગુજરાતની અગ્રણી અને સૌથી મોટી ITI બીલીમોરાને ભારત સરકાર દ્વારા વેસ્ટર્ન ઝોનની Top Performing ITI તરીકે પુરસ્કૃત કરવામાં આવી છે. કૌશલ્ય આધારિત તાલીમ, રોજગારલક્ષી અભ્યાસક્રમો, એપ્રેન્ટિસશીપ અને ઉદ્યોગો સાથેના મજબૂત જોડાણના કારણે આ સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. અત્રે નોંધનીય છે કે, ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઔદ્યોગિકરણનો વ્યાપ ઝડપથી વધી રહ્યો છે. રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય કંપનીઓ દ્વારા દેશમાં નવા ઉદ્યોગો સ્થાપવામાં આવી રહ્યા છે. ઉદ્યોગોની જરૂરિયાત મુજબ માનવબળ મળી રહે તે માટે રાજ્ય સરકારે આ અંગે ધ્યાન કેન્દ્રિત કરીને અનેકવિધ નવી યોજનાઓ શરૂ કરી છે, જેના પરિણામે વ્યવસાયલક્ષી શિક્ષણ અને કૌશલ્ય પ્રાપ્ત કરનાર યુવાનો માટે રોજગારીની તકો વધુ ઉજળી બની રહી છે. જેથી વિવિધ ઉદ્યોગોને કુશળ માનવબળ પૂરું પાડી અને વિકસતી ટેકનોલોજી અનુરૂપ તાલીમ આપી યુવાનોને રોજગારી મેળવવામાં સહાય કરવાના ઉદ્દેશ સાથે કારીગર તાલીમ યોજના (CTS) અમલીકૃત કરવામાં આવી છે.

આદ્યશક્તિના ધામ અંબાજીમાં '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૬: ભક્તિ અને આસ્થાનો ત્રિવેણી સંગમ રચાશે

પાલખી, ત્રિશુલ અને જ્યોત યાત્રાઓ સાથે અંબાજીમાં ભક્તિરસની વહેણ: યાત્રાળુઓ માટે વિશેષ વ્યવસ્થા

૩૦ જાન્યુઆરીથી અંબાજીમાં ત્રિ-દિવસીય શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન કરાશે

કમલમ્, પાલનપુર

ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ તથા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ અને જિલ્લા વહીવટી તંત્ર બનાસકાંઠાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અને આદ્યશક્તિપીઠ અંબાજી ખાતે આગામી તા. ૩૦.૦૧.૨૦૨૬ થી તા. ૦૧.૦૨.૨૦૨૬ (મહા સુદ બારસ, તેરસ અને ચૌદસ) દરમિયાન ભવ્ય '૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ-૨૦૨૬' નું આયોજન કરાશે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે વર્ષ ૨૦૦૮માં ગબ્બર પર્વત પર ૫૧ શક્તિપીઠ પ્રોજેક્ટનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું, જેનું લોકાર્પણ ફેબ્રુઆરી ૨૦૧૪માં થયું હતું. અંદાજે રૂ. ૬૧.૫૭ કરોડના ખર્ચે નિર્મિત આ પરિક્રમા માર્ગમાં ભારત સહિત પાકિસ્તાન, નેપાળ, શ્રીલંકા, તિબેટ અને બાંગ્લાદેશમાં સ્થિત મૂળ શક્તિપીઠોની આબેહૂબ પ્રતિકૃતિઓનું નિર્માણ કરવામાં આવ્યું છે, જેથી શ્રદ્ધાળુઓ એક જ સ્થળે તમામ ૫૧ શક્તિપીઠોના દર્શનનો લ્હાવો લઈ શકે. બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી અને આરાસુરી ટ્રસ્ટના અધ્યક્ષશ્રી મિહિર પટેલના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ આ મહોત્સવમાં ભાગ લેવા માટે બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, પાટણ, ગાંધીનગર અને અરવલ્લી સહિતના જિલ્લાઓમાંથી લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ જોડાશે. શ્રદ્ધાળુઓની સુવિધા માટે શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા વ્યાપક વ્યવસ્થાઓ કરવામાં આવી છે. યાત્રાળુઓ માટે અંબિકા ભોજનાલય, GMDC, માંગલ્યવન, RTO સર્કલ અને આર્ટસ કોલેજ ખાતે વિનામૂલ્યે ભોજનની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે. પરિક્રમા મહોત્સવ દરમિયાન પરિક્રમા પથ, શક્તિપીઠ સંકુલ તથા મુખ્ય મંદિર પરિસરને આકર્ષક અને દિવ્ય માહોલ સર્જે તે રીતે વિશેષ રંગીન લાઈટિંગ, ડેકોરેશન અને ઈલ્યુમિનેશનથી શણગારવામાં આવશે. રાત્રિના સમયે સમગ્ર પરિક્રમા માર્ગ ઝગમગાટથી ઝળહળી ઊઠશે, જે શ્રદ્ધાળુઓ માટે અનોખો આધ્યાત્મિક અનુભવ આપશે. આ સાથે મહોત્સવને લોક સંસ્કૃતિનો રંગ આપવા માટે પરંપરાગત આદિવાસી નૃત્ય, ઢોલ-નગારાં, લોક વાદ્યો અને લોક કલાકારોના કાર્યક્રમો યોજાશે, જેમાં ગુજરાતની સમૃદ્ધ આદિવાસી સંસ્કૃતિ અને ભક્તિ ભાવનું સુંદર સંમિશ્રણ દર્શાવવામાં આવશે. આ ભવ્ય આયોજનથી અંબાજીમાં ભક્તિ, આસ્થા અને લોકસંસ્કૃતિનો અનન્ય ત્રિવેણી સંગમ સર્જાશે.

કૃષિ મંત્રાલયે તમિલનાડુમાં FPOs ને મજબૂત કરવા માટે ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરી: શ્રી શિવરાજસિંહ ચૌહાણ

રિપોર્ટ બે મહિનામાં સબમિટ કરવામાં આવશે; ICAR-NRCB સંસ્થાકીય સહાય પૂરી પાડશે

કમલમ્,

તમિલનાડુમાં ખેડૂત ઉત્પાદક સંગઠનો (FPOs) ને મજબૂત કરવા માટે, તેમની કામગીરીની સમીક્ષા કરવા અને સ્કેલ અને પહોંચમાં સુધારો કરવાના રસ્તાઓ સૂચવવા માટે એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચના કરવામાં આવી છે. આ પહેલ કેન્દ્રીય કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણના હસ્તક્ષેપને અનુસરે છે, જેમણે તમિલનાડુના ઈરોડની તેમની તાજેતરની મુલાકાત દરમિયાન FPOs દ્વારા સામનો કરવામાં આવતા મુદ્દાઓની નોંધ લીધી હતી અને વ્યાપક અને ક્ષેત્ર-લક્ષી મૂલ્યાંકન દ્વારા મુદ્દાઓને ઉકેલવા માટે સમયસર પગલાં લેવાનો નિર્દેશ આપ્યો હતો. આ નિર્ણય શ્રી શિવરાજ સિંહ ચૌહાણની ઈરોડની તાજેતરની મુલાકાતને અનુસરે છે, જે દરમિયાન ખેડૂતો અને હિતધારકો સાથે FPOs દ્વારા સામનો કરવામાં આવતા કાર્યકારી, તકનીકી અને બજાર-સંબંધિત પડકારોની ચર્ચા કરવામાં આવી હતી. આ ઈનપુટ્સ પર ઝડપથી કાર્યવાહી કરતા, મંત્રાલયે રાજ્યમાં FPOs ના પ્રદર્શનનો અભ્યાસ કરવા અને યોગ્ય સુધારાત્મક પગલાં સૂચવવા માટે સમિતિની રચનાને મંજૂરી આપી છે. આ સમિતિમાં NABARD, NAFED, SFAC- તમિલનાડુ, ICAR-નેશનલ રિસર્ચ સેન્ટર ફોર બનાના (NRCB), FPO પ્રતિનિધિઓ, NGO અને કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગના અધિકારીઓનો સમાવેશ થાય છે, જે વ્યાપક અને ક્ષેત્ર-લક્ષી મૂલ્યાંકન સુનિશ્ચિત કરે છે. તે સંસ્થાકીય શાસન અને વ્યવસ્થાપન પદ્ધતિઓ, વ્યાપાર કામગીરી અને સ્થિરતા, તકનીકી સહાય અને વિસ્તરણ જોડાણો, એકત્રીકરણ, મૂલ્યવૃદ્ધિ અને માર્કેટિંગ પડકારો, તેમજ ક્ષમતા-નિર્માણ અને હેન્ડ-હોલ્ડિંગ આવશ્યકતાઓ સહિત FPOs ને અસર કરતા મુખ્ય મુદ્દાઓની તપાસ કરશે. વધુમાં, સમિતિ સુધારેલા વ્યાપાર અને કાર્યકારી મોડલ, ઉન્નત તકનીકી બેકસ્ટોપિંગ અને સલાહકાર સમર્થન, સંસ્થાકીય અભિસરણ અને સંકલન, અને મજબૂત માર્કેટ લિંકેજ અને પ્રમોશનલ પ્રવૃત્તિઓ દ્વારા FPO કામગીરીને મજબૂત કરવાના પગલાંની ભલામણ કરશે. કેળા, હળદર, નાળિયેર, ટેપિયોકા અને કુદરતી અને જૈવિક ખેતી પદ્ધતિઓ સહિત તમિલનાડુ માટે મહત્વના પાકો અને પ્રણાલીઓ પર વિશેષ ધ્યાન આપવામાં આવશે. સમિતિ ક્ષેત્રની મુલાકાતો લેશે અને FPOs, સભ્ય ખેડૂતો, બજારની ચેનલો, પ્રોસેસર્સ અને અન્ય હિતધારકો સાથે પરામર્શ કરશે. જેથી તેની ભલામણો જમીની હકીકતો પર આધારિત હોય તેની ખાતરી કરી શકાય. તે કેન્દ્ર અને રાજ્ય સરકારના વિભાગો, ICAR સંસ્થાઓ, કોમોડિટી બોર્ડ, ખાનગી ક્ષેત્રની એજન્સીઓ અને અન્ય સંબંધિત સંસ્થાઓ પાસેથી ઈનપુટ્સ પણ એકત્રિત અને સંકલિત કરશે. સમિતિને તેનો અંતિમ અહેવાલ બે મહિનાની અંદર કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગને સુપરત કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ICAR-નેશનલ રિસર્ચ સેન્ટર ફોર બનાના (NRCB), તિરુચિરાપલ્લી, ICAR-ATARI, હૈદરાબાદ દ્વારા દ્રફ્ દ્રજની સાથે, યજમાન સંસ્થા તરીકે કાર્ય કરશે અને મીટિંગ્સ, ફિલ્ડ વિઝિટ અને રિપોર્ટના સંકલન માટે જરૂરી લોજિસ્ટિકલ અને સચિવાલય સહાય પૂરી પાડશે. આ પહેલ કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજ સિંહ ચૌહાણના નેતૃત્વમાં ભારત સરકારના ખેડૂત-કેન્દ્રીય અભિગમને અને ખેડૂતોની આવક વધારવા અને તમિલનાડુના કૃષિ ક્ષેત્રમાં મૂલ્યવૃદ્ધિ અને બજાર એકીકરણને પ્રોત્સાહન આપવા માટે મજબૂત, આત્મનિર્ભર અને ટકાઉ FPOs બનાવવા પરના તેના ધ્યાનને રેખાંકિત કરે છે.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા હૈદરાબાદમાં વિંગ્સ ઈન્ડિયા ૨૦૨૬ કાર્યક્રમને સંબોધિત કર્યો

ભારતના ઉડ્ડયન ક્ષેત્રની વૃદ્ધિ એ સરકારના લાંબા ગાળાના વિઝનનું પરિણામ છે, જેણે દરેક નાગરિકને હવાઈ મુસાફરી સરળતાથી કરવા સક્ષમ બનાવવાના મિશન સાથે હવાઈ મુસાફરીને સર્વસમાવેશક બનાવી છે: PM

છેલ્લા દાયકામાં, ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર એક ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થયું છે, જે એક વિશિષ્ટ ક્લબમાંથી વિકસીને વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર બની ગયું છે: PM

સરકાર દેશભરમાં પ્રાદેશિક અને સસ્તી હવાઈ કનેક્ટિવિટી અને સી-પ્લેન (sea-plane) કામગીરીને વિસ્તારવા માટે ઉડાન (UDAN) યોજનાના આગામી તબક્કા પર કામ કરી રહી છે: PM

ભારતે સ્થાનિક સ્તરે લશ્કરી અને પરિવહન વિમાનોનું ઉત્પાદન શરૂ કર્યું હતું છે અને નાગરિક વિમાન ઉત્પાદનમાં પણ આગળ વધી રહ્યું છે: PM

ભારત ગ્લોબલ સાઉથ અને વિશ્વ વચ્ચે એક મુખ્ય ઉડ્ડયન ગેટવે તરીકે ઉભરી રહ્યું છે: PM

કમલમ્,
પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેલંગાણાના હૈદરાબાદમાં વિંગ્સ ઈન્ડિયા ૨૦૨૬ કાર્યક્રમને સંબોધિત કર્યો હતો. આ પ્રસંગે બોલતા, પ્રધાનમંત્રીએ ઉદ્યોગ જગતના નેતાઓ, નિષ્ણાતો અને રોકાણકારોનું સ્વાગત કર્યું હતું અને નોંધ્યું હતું કે ઉડ્ડયન ઉદ્યોગનો આગામી યુગ આકાંક્ષાઓથી ભરેલો છે અને ભારત એક મુખ્ય ખેલાડી તરીકે ઉભરી રહ્યું છે. તેમણે એરક્રાફ્ટ મેન્યુફેક્ચરિંગ, પાયલોટ ટ્રેનિંગ, એડવાન્સ્ડ એર મોબિલિટી અને એરક્રાફ્ટ લીઝિંગમાં ભારત જે વિશાળ તકો રજૂ કરે છે તેના પર પ્રકાશ પાડ્યો અને તમામ હિતધારકો માટે વિંગ્સ ઈન્ડિયા સમિટના મહત્વ પર ભાર મૂક્યો હતો. શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે છેલ્લા દાયકામાં, ભારતનું ઉડ્ડયન ક્ષેત્ર એક ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થયું છે, અને યાદ કર્યું હતું કે હવાઈ મુસાફરી એક સમયે એક વિશિષ્ટ ક્લબ પૂરતી મર્યાદિત હતી પરંતુ આજે ભારત વિશ્વનું ત્રીજું સૌથી મોટું સ્થાનિક ઉડ્ડયન બજાર બની ગયું છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે મુસાફરોની અવરજવર ઝડપથી વધી છે અને ભારતીય એરલાઇન્સ તેમના કાફલાનો વિસ્તાર કરી રહી છે, જેમાં તાજેતરના વર્ષોમાં ૧,૫૦૦ થી વધુ વિમાનોનો ઓર્ડર આપવામાં આવ્યો છે. પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યુંહતું કે આ વૃદ્ધિ સરકારના લાંબા ગાળાના વિઝનને કારણે શક્ય બની છે, જેણે દરેક નાગરિકને હવાઈ મુસાફરી સરળતાથી કરવા સક્ષમ બનાવવાના મિશન સાથે હવાઈ મુસાફરીને વિશિષ્ટને બદલે સર્વસમાવેશક બનાવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ટાયર-૨ અને ટાયર-૩ શહેરોને એરપોર્ટ સાથે જોડવામાં આવ્યા છે, અને નોંધ્યું હતું કે ૨૦૧૪ માં ભારતમાં ૭૦ એરપોર્ટ હતા, જ્યારે આજે આ સંખ્યા વધીને ૧૬૦ થી વધુ થઈ ગઈ છે, જેનો અર્થ છે કે દેશે માત્ર એક દાયકામાં બમણાથી વધુ એરપોર્ટ બનાવ્યા છે. શ્રી મોદીએ ઉમેર્યું કે ૧૦૦ થી વધુ એરોડ્રોમ સક્રિય કરવામાં આવ્યા છે અને તેની સાથે સરકારે સસ્તું ભાડું પૂરૂ પાડવા માટે ઉડાન યોજના શરૂ કરી છે. તેમણે જણાવ્યું હતું કે ઉડાનના પરિણામે, ૧૫ મિલિયન મુસાફરો -એટલે કે લગભગ દોઢ કરોડ -એવા રૂટ પર મુસાફરી કરી છે, જેમાંથી ઘણા અગાઉ અસ્તિત્વમાં પણ નહોતા. પ્રધાનમંત્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે જેમ જેમ ભારત વિકસિત રાષ્ટ્ર બનવાના લક્ષ્ય તરફ આગળ વધી રહ્યું છે તેમ તેમ હવાઈ કનેક્ટિવિટીનું વિસ્તરણ અનેકગણું વધવાનું નિશ્ચિત છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે ૨૦૪૭ સુધીમાં, ભારતમાં ૪૦૦ થી વધુ એરપોર્ટ હોવાની અપેક્ષા છે, જે એક વિશાળ નેટવર્ક બનાવશે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે સરકાર ઉડાન યોજનાના આગામી તબક્કા પર કામ કરી રહી છે, જે દેશના દરેક ખૂણે કનેક્ટિવિટી સુધારવાના ઉદ્દેશ્ય સાથે સી-પ્લેન કામગીરીના વિસ્તરણની સાથે પ્રાદેશિક અને સસ્તી હવાઈ કનેક્ટિવિટીને વધુ મજબૂત બનાવશે. સરકાર પ્રવાસન ક્ષેત્રના વિકાસ પર પણ મજબૂત ધ્યાન આપી રહી છે તેના પર ભાર મૂકતા શ્રી મોદીએ કહ્યું કે દેશભરમાં પ્રવાસન સ્થળોને અપગ્રેડ કરવામાં આવી રહ્યા છે અને હવાઈ મુસાફરી મોટી સંખ્યામાં લોકો માટે પસંદગીની પસંદગી બની રહી છે. પ્રધાનમંત્રીએ રેખાંકિત કર્યું હતું કે આગામી વર્ષોમાં હવાઈ મુસાફરીની માંગમાં અભૂતપૂર્વ વૃદ્ધિ જોવા મળશે, જે રોકાણ માટે વધુ તકો ઉભી કરશે. PM એ જણાવ્યું હતું કે ભારત એક મુખ્ય વૈશ્વિક ઉડ્ડયન હબ તરીકે ઉભરી રહ્યું હોવાથી, ઉડ્ડયન જરૂરિયાતો માટે અન્ય પરની નિર્ભરતા ઘટાડવી અને આત્મનિર્ભરતાના માર્ગને મજબૂત બનાવવો આવશ્યક છે, જે ભારતમાં રોકાણ કરતી કંપનીઓને પણ ફાયદો કરાવશે. શ્રી મોદીએ હાઈલાઈટ કર્યું હતું કે ભારત એરક્રાફ્ટ ડિઝાઈન, મેન્યુફેક્ચરિંગ અને એરક્રાફ્ટ MRO ઈકોસિસ્ટમ પર મજબૂત ભાર મૂકી રહ્યું છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારત પહેલેથી જ એરક્રાફ્ટના ભાગોનું મુખ્ય ઉત્પાદક અને સપ્લાયર છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે ભારતે સ્થાનિક સ્તરે લશ્કરી અને પરિવહન વિમાનોનું ઉત્પાદન શરૂ કર્યું હતું છે અને નાગરિક વિમાન ઉત્પાદનમાં પણ આગળ વધી રહ્યું છે. તેમણે ભારતના ફાયદાઓ દર્શાવ્યા, જેમાં વૈશ્વિક હવાઈ કોરિડોરમાં તેની ભૌગોલિક સ્થિતિ, અજોડ સ્થાનિક ફીડર નેટવર્ક અને લાંબા અંતરના કાફલાના ભાવિ વિસ્તરણનો સમાવેશ થાય છે, જે સાથે મળીને એક મોટી તાકાત બનાવે છે. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે તે દિવસ દૂર નથી જ્યારે ભારતમાં ડિઝાઈન અને ઉત્પાદિત ઈલેક્ટ્રિક વર્ટિકલ ટેક-ઓફ અને લેન્ડિંગ એરક્રાફ્ટ ઉડ્ડયન ક્ષેત્રને નવી દિશા આપશે, જે મુસાફરીના સમયમાં નોંધપાત્ર ઘટાડો કરશે. તેમણે વધુમાં નોંધ્યું હતું કે ભારત ટકાઉ ઉડ્ડયન ઈંધણ (sustainable aviation fuel) પર વ્યાપકપણે કામ કરી રહ્યું છે અને આગામી વર્ષોમાં ગ્રીન એવિએશન ફ્યુઅલનું મુખ્ય ઉત્પાદક અને નિકાસકાર બનવા માટે તૈયાર છે. ભારત ઉડ્ડયન ક્ષેત્રમાં અસંખ્ય સુધારાઓ કરી રહ્યું છે તેના પર ભાર મૂકતા શ્રી મોદીએ ટિપ્પણી કરી હતી કે પરિણામે દેશ ગ્લોબલ સાઉથ અને વિશ્વ વચ્ચે એક મુખ્ય ઉડ્ડયન ગેટવે તરીકે ઉભરી રહ્યો છે. તેમણે હાઈલાઈટ કર્યું હતું કે આ ઉડ્ડયન ઉદ્યોગ સાથે જોડાયેલા રોકાણકારો અને ઉત્પાદકો માટે નોંધપાત્ર તકો રજૂ કરે છે. શ્રી મોદીએ નોંધ્યું હતું કે ભારત વિવિધ પ્રદેશો અને બજારોને જોડી રહ્યું છે, અને શહેરોને પરિવહનના બહુવિધ માધ્યમો દ્વારા બંદરો સાથે જોડવામાં આવી રહ્યા છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતનું ઉડ્ડયન વિઝન એર કાર્ગો પર પણ સમાન રીતે ધ્યાન કેન્દ્રિત કરે છે, અને સરકાર કાર્ગો હેરફેરને ઝડપી અને વધુ કાર્યક્ષમ બનાવવા માટે તમામ જરૂરી નિયમનકારી સુધારાઓ પર કામ કરી રહી છે. તેમણે રેખાંકિત કર્યુંહતું કે ડિજિટલ કાર્ગો પ્લેટફોર્મ સમગ્ર પ્રક્રિયાને સરળ અને વધુ પારદર્શક બનાવી રહ્યા છે, જ્યારે ઓફ-એરપોર્ટ પ્રોસેસિંગ વ્યવસ્થાઓ એરપોર્ટ પરનો ભાર ઘટાડી રહી છે. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે કાર્ગો હેન્ડલિંગમાં સુધારો કરવા અને વેગ આપવા માટે આધુનિક વેરહાઉસ બનાવવામાં આવી રહ્યા છે, જે ભવિષ્યમાં ડિલિવરી સમય અને લોજિસ્ટિક્સ ખર્ચ બંનેમાં ઘટાડો કરશે. ભારત એક મુખ્ય અને સ્પર્ધાત્મક ટ્રાન્સ-શિપમેન્ટ હબ તરીકે ઉભરી આવવા માટે તૈયાર છે તે વાત પર ભાર મૂકતા શ્રી મોદીએ રોકાણકારોને વેરહાઉસિંગ, ફ્રેટ ફોરવર્ડિંગ, એક્સપ્રેસ લોજિસ્ટિક્સ અને ઈ-કોમર્સ ક્ષેત્રોમાં તકો શોધવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે વિશ્વના માત્ર ગણ્યા ગાંઠ્યા દેશો પાસે જ આજે ઉડ્ડયન ઉદ્યોગ માટે ભારત જેટલો વિશાળ સ્કેલ, નીતિગત સ્થિરતા અને તકનીકી મહત્વાકાંક્ષા છે. તેમણે દરેક રાષ્ટ્ર, દરેક ઉદ્યોગ અગ્રણી અને દરેક નવીનતા લાવનારને આ સુવર્ણ તકનો પૂરો લાભ લેવા આહવાન કર્યું હતું. શ્રી મોદીએ તેમને ભારતની વિકાસ યાત્રામાં લાંબા ગાળાના ભાગીદાર બનવા અને વૈશ્વિક ઉડ્ડયન ક્ષેત્રના વિકાસમાં યોગદાન આપવા વિનંતી કરી. તેમણે વિશ્વભરના રોકાણકારોને 'કો-પાયલોટ' તરીકે ભારતની ઉડાનમાં જોડાવા માટે આમંત્રણ આપીને અને વિંગ્સ ઈન્ડિયાના સફળ આયોજન માટે શુભેચ્છાઓ પાઠવીને પોતાનું વક્તવ્ય પૂર્ણ કર્યું હતું.

ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત શ્રી રતિલાલ બોરીસાગરજી સાથે તેઓના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત કરી અભિનંદન પાઠવતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્મા



કમલમ્,
તાજેતરમાં ભારત સરકાર દ્વારા પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત શ્રી રતિલાલ બોરીસાગરજી સાથે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા પાર્ટીના અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ નારણપુરા સ્થિત તેઓના નિવાસસ્થાને શુભેચ્છા મુલાકાત કરી હતી. પ્રદેશ અધ્યક્ષશ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રે શ્રી રતિલાલ બોરીસાગરજીએ અનેક વર્ષોથી આપેલા બહુમૂલ્ય યોગદાન તેમજ રોજબરોજની ઘટનાઓમાંથી હાસ્ય નિષ્પન્ન કરવામાં તેઓની નિપુણતાને બિરદાવી હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતાં. શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ શ્રી રતિલાલ બોરીસાગરજીના પરિવારના સભ્યો સાથે આત્મીય સંવાદ કર્યો હતો. આ પ્રસંગે પ્રદેશ ભાજપા મુખ્ય પ્રવક્તા ડૉ. અનિલભાઈ પટેલ, કર્ણાવતી મહાનગર ભાજપાના અધ્યક્ષ શ્રી પ્રેરકભાઈ શાહ, ધારાસભ્યશ્રી જીતુભાઈ ભગત સહિત સ્થાનિક ભાજપા આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ભગવાન દ્વારકાધીશના દર્શને

ભગવાન દ્વારકાધીશના દર્શન અર્ચન કરીને રાજ્યના સર્વાંગી કલ્યાણની પ્રાર્થના કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગુરુવારે દ્વારકા ખાતે ભગવાન દ્વારકાધીશના ચરણોમાં શીશ ઝુકાવી દર્શન કરી ધન્યતા અનુભવી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના નાગરિકોની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટેની હૃદયપૂર્વક પ્રાર્થના ભગવાન દ્વારકાધિશ ના શ્રી ચરણોમાં કરી હતી. તેમણે ભક્તિભાવથી શાસ્ત્રોકત વિધિપૂર્વક પાદુકાપૂજન પણ કર્યુંહતું. મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં ઉપસ્થિત દર્શનાર્થીઓનું અભિવાદન ઝીલ્યું હતું અને સૌને જય દ્વારકાધીશ પાઠવ્યા હતા. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મુખ્યમંત્રીશ્રીને ઉપરણું, દ્વારકા મંદિરની પ્રતિકૃતિ, ફુલ અને તુલસીમાંથી નિર્મિત અનુગ્રહમ અગરબતી તથા પ્રસાદ અર્પણ કરવામાં આવ્યો હતો. દ્વારકાધીશ મંદિર ખાતે મુખ્યમંત્રી શ્રી સાથે પૂર્વ મંત્રીશ્રી અને ધારાસભ્ય શ્રી મુળુભાઈ બેરા, જિલ્લા કલેકટરશ્રી રાજેશ તન્ના, પોલીસ અધિક્ષક શ્રી જયરાજસિંહ વાળા, અગ્રણી શ્રી મયુરભાઈ ગઢવી સહિત સ્થાનિક પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રીશ્રી રમેશભાઈ કટારા વરદ હસ્તે ગરબાડાના જેસાવાડા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્રનું કરાયું ભૂમિપૂજન

રાજ્યના તમામ નાગરિકો સુધી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ – મંત્રીશ્રી રમેશભાઈ કટારા

પ્રધાનમંત્રી આયુષ્યમાન કાર્ડ યોજના હેઠળ દેશના લાખો જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક મળી સારવાર: સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર

કમલમ્,
દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના જેસાવાડા ખાતે રૂ. ૫ કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામનાર સામૂહિક આરોગ્ય કેન્દ્રનું મંત્રીશ્રી રમેશભાઈ કટારા તથા સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરના વરદ હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે આરોગ્ય સેવાઓ લોકોની પ્રાથમિક જરૂરિયાત છે. રાજ્ય સરકાર દ્વારા વિસ્તાર મુજબ સામૂહિક આરોગ્ય કેન્દ્રો સ્થાપી લોકોને પોતાના જ વિસ્તારમાં ઉત્તમ આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે. જેસાવાડા તથા આસપાસના વિસ્તારના નાગરિકોને હવે ઘરઆંગણે આધુનિક આરોગ્ય સુવિધાઓ મળશે એવી ખાતરી પણ મંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. રાજ્યના તમામ નાગરિકો સુધી શ્રેષ્ઠ આરોગ્ય સુવિધાઓ પહોંચાડવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે.

આ પ્રસંગે સાંસદશ્રી જશવંતસિંહ ભાભોરે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર આરોગ્ય ક્ષેત્રે સતત મજબૂત માળખું વિકસાવી રહી છે. આયુષ્માન ભારત યોજનાના માધ્યમથી ગંભીર બીમારીઓની સારવાર મેળવી રહેલા લાખો જરૂરિયાતમંદ દર્દીઓ અને તેમના પરિવારજનો પરનું આર્થિક ભારણ ઘટ્યું છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્યશ્રી મહેન્દ્રભાઈ ભાભોર, જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવટ, સરપંચશ્રીઓ, અગ્રણી આગેવાનો, આરોગ્ય વિભાગના અધિકારી-કર્મચારીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

દ્વારકા ખાતે દેવી ભાગવત કથા, શ્રી મહાચંડી યજ્ઞ અને ૧૦૦૮ મહારુદ્ર અભિષેકમાં સંમેલિત થતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

કમલમ્,
મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારકાધીશની પાવન ભૂમિ દ્વારકા ખાતે દેવી ભાગવત કથા, શ્રી મહાચંડી યજ્ઞ અને ૧૦૮ મહારુદ્ર અભિષેકમાં સંમેલિત થયા હતા. ભગવાન દ્વારકાધીશના આર્શિવાદ પ્રાપ્ત કરી દ્વારકાના નાગેશ્વર રોડ ખાતે સ્વ. વિરમભા આશાભા માણેકની પ્રેરણાથી દ્વારકાના ધારાસભ્ય શ્રી પબુભા માણેક દ્વારા આયોજિત વિશ્વ કલ્યાણ અર્થે આયોજિત દેવી ભાગવત કથા અને શ્રીમહાચંડી યજ્ઞ અને ૧૦૮ મહારુદ્ર અભિષેકમાં સંમેલિત થયા હતા. મુખ્યમંત્રી શ્રીએ નેપાળી બાબા (પરમ તપસ્વી સંત આત્માનંદદાસ મહાત્યાગી)ના આશીર્વાદ મેળવી વિષ્ણુ લોક હવન યજ્ઞશાળા અને શિવ લોક નામ જપ યજ્ઞશાળાની મુલાકાત લીધી હતી. ઉલ્લેખનીય છે કે, તા. ૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી આયોજિત આ ધાર્મિક આયોજનમાં ભારતભરમાંથી ૨૧ હજાર બ્રાહ્મણો દ્વારા ૫૮ કરોડ જાપ કરવામાં આવી રહ્યાં છે તેમજ દેશભરમાંથી સાધુ, સંતો, મહાત્માઓ આ આયોજનમાં સંમેલિત થયા છે. મુખ્યમંત્રીશ્રીની મુલાકાત વેળાએ ધારાસભ્ય શ્રી પબુભા માણેક, પૂર્વ મંત્રીશ્રી અને ધારાસભ્ય શ્રી મુળુભાઇ બેરા, કલેકટર શ્રી રાજેશ તન્ના, પોલીસ અધિક્ષક શ્રી જયરાજસિંહ વાળા, અગ્રણી શ્રી મયુરભાઈ ગઢવી સહિત સ્થાનિક પદાધિકારીઓ, સંતો, મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028